RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 232 Dt. 07-03-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# લોકો ભૂલી ગયા, પરંતુ અમે ભૂલી શકતા નથી: મોદી

## ૧૯૬૨ના યુદ્ધ દરમિયાન ખાલી કરાયેલા ગામોના પુનર્વસન પર વડાપ્રધાને આપી પ્રતિક્રિયા : મુખ્ય પર્યટન સ્થળો ફેરવવા માટે કરી રહી છે કામ

નવીદિલ્હી, તા. ૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે સરકારે ઉત્તરાખંડમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) સાથેના ગામોના પુનર્વસન માટે એક અભિયાન શરૂ કર્યું છે, જે ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન ખાલી કરવામાં આવ્યા હતા. હર્ષિલમાં પીએમ મોદીએ કહ્યું કે ઉત્તરકાશી જિલ્લાના બે ગામોને ૧૯૬૨ના યુદ્ધ દરમિયાન ખાલી કરાવવામાં આવ્યા હતા અને સરકાર તેમને મુખ્ય પર્યટન સ્થળોમાં ફેરવવા માટે કામ કરી રહી છે. લોકો જાણતા હશે કે ૧૯૬૨માં જ્યારે ચીને ભારત પર હુમલો કર્યો ત્યારે આ બે ગામો ખાલી કરાવવામાં આવ્યા હતા. લોકો ભૂલી ગયા હશે, પરંતુ અમે ભૂલી શકતા નથી,'' વડા પ્રધાને કહ્યું. તેમણે ઉમેર્યું, ''અમે આ બે ગામોના પુનર્વસન માટે એક અભિયાન શરૂ કર્યું છે અને તેમને મુખ્ય પ્રવાસન સ્થળો બનાવવા માટે કામ કરી રહ્યા છીએ.

ભારત સરકારે ચીનની સરહદે 'વાયબ્રન્ટ ગામો' વિકસાવવાના તેના પ્રયાસોના ભાગરૂપે આ પહેલ કરી છે. 'ઓપરેશન સદભાવના' હેઠળ ભારતીય સેના પણ સરહદી વિસ્તારના વિકાસમાં સક્રિયપણે વ્યસ્ત છે.

વડાપ્રધાને કહ્યું, ''અમારો પ્રયાસ છે કે ઉત્તરાખંડના સરહદી વિસ્તારોને પ્રવાસનથી વિશેષ લાભ મળે. પહેલા આ ગામોને છેલ્લા ગામો કહેવાતા હતા, પરંતુ અમે આ પરિપ્રેક્ષ્ય બદલી નાખ્યો છે. હવે અમે તેમને અમારા પ્રથમ ગામો તરીકે ઓળખીએ છીએ. તેમના વિકાસ માટે 'જીવંત ગામો' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

આ વિસ્તારના ૧૦ ગામોને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે.'' જો કે, ખાલી પડેલી જમીનના યોગ્ય વારસદારોની ઓળખ કરવી એ સત્તાવાળાઓ માટે એક મોટો પડકાર છે, કારણ કે ૬૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે અને ઘણા મૂળ જમીન માલિકો હવે હયાત નથી. તદુપરાંત, સ્થાનિક લોકોને તેમના ગામોમાં તેમની આજીવિકા જાળવવામાં મદદ કરવા માટે વ્યવસાયિક પ્રવૃત્તિઓને પુનર્જીવિત કરવી જરૂરી છે. પ્રવાસનને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને આ દિશામાં એક પગલા તરીકે જોવામાં આવી રહ્યા છે.

પ્રવાસન માટે ૩૬૦-ડિગ્રી અભિગમની જરૂર છે,'' મોદીએ કહ્યું. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીની સાથે, પીએમ મોદીએ મુખવામાં મા ગંગાના શિયાળુ નિવાસસ્થાનમાં પ્રાર્થના કર્યા પછી હરસિલમાં ટ્રેક અને બાઈક રેલીને લીલી ઝંડી આપી હતી.

સરહદી ગામોના વ્યૂહાત્મક અને સાંસ્કૃતિક મહત્વ પર ભાર મૂકતા વડાપ્રધાને કહ્યું કે તેમને દેશની છેલ્લી ચોકી તરીકે નહીં પરંતુ દેશના પ્રથમ પંક્તિના વસાહતો તરીકે જોવું જોઈએ. તેમણે કહ્યું, ''અમારો પ્રયાસ છે કે ઉત્તરાખંડના સરહદી વિસ્તારોને પણ પર્યટનનો વિશેષ લાભ મળે. પહેલા આ ગામોને છેલ્લા ગામો કહેવામાં આવતા હતા. પરંતુ અમે આ વિચાર બદલીને જાહેર કર્યું કે આ અમારા પ્રથમ ગામો છે. 'વાયબ્રન્ટ વિલેજ' કાર્યક્રમ હેઠળ, અમે તેમને વિકસાવવાની પહેલ કરી છે અને આ વિસ્તારના ૧૦ ગામોને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. તેમના વહીવટ હેઠળ થયેલા ઝડપી માળખાગત વિકાસને હાઈલાઈટ કરતાં, પીએમ મોદીએ ઉત્તરાખંડમાં 'ડબલ એન્જિન' સરકાર દ્વારા થયેલી પ્રગતિને રેખાંકિત કરી, આ શબ્દ તેઓ વારંવાર રાજ્ય અને કેન્દ્ર બંને સ્તરે સાથે મળીને કામ કરતી ભાજપની આગેવાનીવાળી સરકારોનું વર્ણન કરવા માટે વાપરે છે. તેમણે ઉત્તરાખંડના પરિવર્તનના પુરાવા તરીકે ચારધામ ઓલ-વેધર રોડ, આધુનિક એક્સપ્રેસ વે અને વિસ્તૃત રેલ્વે, હવાઈ અને હેલિકોપ્ટર સેવાઓ જેવા પ્રોજેક્ટ તરફ ધ્યાન દોર્યું. તેમણે આગળ કેદારનાથ રોપવે પ્રોજેક્ટ અને હેમકુંડ રોપવે પ્રોજેક્ટને કેન્દ્રીય કેબિનેટની મંજૂરીની જાહેરાત કરી, જેનો ઉદ્દેશ્ય યાત્રાળુઓ માટે પ્રવાસને નોંધપાત્ર રીતે સરળ બનાવવાનો છે.

તેમણે કહ્યું, ''કેદારનાથ રોપ-વેના નિર્માણ પછી, જે યાત્રા પહેલા ૮ થી ૯ કલાક લેતી હતી તે હવે લગભગ ૩૦ મિનિટમાં પૂર્ણ થશે. તેનાથી વૃદ્ધો અને બાળકો માટે કેદારનાથની યાત્રા સરળ બનશે.''



# બાબાના બુલડોઝર સામે સુપ્રીમની લાલ આંખ

## તોડી પાડવામાં આવેલા ઘરો ફરીથી બાંધી આપવા આદેશ

નવીદિલ્હી, તા. ૬

સુપ્રીમ કોર્ટે બુધવારે ઉત્તર પ્રદેશ સરકારને ૨૦૨૧માં પ્રયાગરાજના લુકરગંજમાં એક સંકુલમાં સ્થિત બાંધકામો તોડી પાડવા બદલ ફટકાર લગાવતા કહ્યું કે, ''આર્ટિકલ ૨૧ અને આશ્રયનો અધિકાર કહેવાય છે.'' ડિમોલિશન માટે રાજ્ય દ્વારા અપનાવવામાં આવેલી પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવતા, ન્યાયમૂર્તિ અભય ઓકાની આગેવાની હેઠળની બેન્ચે ટિપ્પણી કરી હતી કે આવી કાર્યવાહી આઘાતજનક છે અને ખોટો સંકેત મોકલે છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે તે કંઈક છે જેને સુધારવાની જરૂર છે.

સર્વોચ્ચ અદાલતે એ પણ ધ્યાન દોર્યું કે સુપ્રીમ કોર્ટની સંકલન બેન્ચે અગાઉ બુલડોઝર ન્યાય અંગે ચુકાદો આપ્યો હતો. ભારતના એટર્ની જનરલે દલીલ કરી હતી કે અરજદારો પાસે નોટિસનો જવાબ આપવા માટે પૂરતો સમય હતો, કોર્ટે નોટિસની બજવણી કરવાની રીત પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે પૂછ્યું કે નોટિસને શા માટે તે ચોક્કસ રીતે ચોંટાડવામાં આવી, તેને ડિમોલિશનનો નિર્દોષ મામલો ગણાવ્યો. કોર્ટે એટર્ની જનરલની વિનંતીને સ્વીકારવાનો પણ ઈનકાર કર્યો હતો કે કેસને પુનર્વિચાર માટે હાઈકોર્ટમાં પાછો મોકલવો, એમ કહીને કે આમ કરવાથી બિનજરૂરી વિલંબ થશે. આ મહિનાની શરૂઆતમાં, કોર્ટે કેસની સુનાવણી મુલતવી રાખી હતી જેથી કરીને રાજ્ય તરફથી હાજર રહેલા વકીલ સૂચનાઓ લઈ શકે અને કોર્ટમાં જુબાની આપી શકે.



અલ્હાબાદ હાઈકોર્ટના માર્ચ ૨૦૨૧ના ચુકાદા સામે વકીલ, એક પ્રોફેસર અને બે મહિલાઓ સહિત પાંચ વ્યક્તિઓ દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી કે તેઓ વિવાદિત જમીન, જે નિઃશંકપણે નઝુલ જમીન છે, તેના પર કોઈપણ માન્ય અથવા અસ્તિત્વમાંના અધિકારો સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા હતા, અને જેમ કે, તેમને રાજ્યની સંપત્તિના રક્ષણના હેતુથી રાજ્યની કાર્યવાહીનો વિરોધ કરવાનો કોઈ અધિકાર નથી. અરજદારોએ દલીલ કરી છે કે નોટિસ બજાવવાના એક દિવસ પછી જ તેમના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા, તેમને કાર્યવાહીને પડકારવાની તક આપ્યા વિના. તેણે એવો પણ દાવો કર્યો છે કે સત્તાવાળાઓએ તેની જમીનને કુખ્યાત ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અતિક અહેમદની જમીન સાથે ખોટી રીતે જોડી દીધી છે, જેનું એપ્રિલ ૨૦૨૩માં પોલીસ કસ્ટડીમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ફરીથી કેસની સુનાવણી કરશે.

# અમિત શાહનું કાલે રાજકોટમાં ટૂંકું રોકાણ

## સોમનાથ દાદાને શીશ ઝુકાવી કોડીનાર અને ચાપરડાના કાર્યક્રમમાં આપશે હાજરી



રાજકોટ, તા. ૬

વડાપ્રધાન મોદી ફરી વખત ત્રણ દિવસની મુલાકાતે ગુજરાત આવી રહ્યા છે ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ આજથી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે છે જેમાં તેઓ તારીખ ૮ શનિવારના રોજ અમદાવાદથી સોમનાથ જતા હિરાસર એરપોર્ટ ખાતે ટૂંકુ રોકાણ કરે તેવી હાલ સંભાવના વ્યક્ત થઈ રહી છે અને જિલ્લા વહીવટી તંત્ર પણ ખાસ તૈયારીઓમાં લાગી ગયું હોય તેવા નિર્દેશો મળી રહ્યા છે. હિરાસર એરપોર્ટની ટ્રાન્ઝીટ વિઝીટ કરનાર ય જીલ્લા વહીવટી તંત્ર એલર્ટ બની જવા પામેલ છે.કેન્દ્રીય મંત્રી અમિત શાહની આ ટ્રાન્ઝીટ વિઝીટ સંદર્ભે મહેસુલી અધિકારીઓએ ગઈકાલે હિરાસર એરપોર્ટ ખાતે દોડી જઈ એરપોર્ટ મેનેજમેન્ટ અને સિક્યોરીટી સાથે બેઠક યોજી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદથી યાત્રાધામ સોમનાથ જતા પૂર્વે તા.૮ ને શનિવારે રાજકોટના આંતર રાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર સવારનાં ૧૧-૪૫ કલાકે હવાઈ માર્ગે આવી પહોંચનાર છે. હિરાસર એરપોર્ટ ખાતે તેઓ ૧૦ મીનીટનું રોકાણ કરી હેલીકોપ્ટર મારફત સોમનાથ પહોંચશે જયાં તેઓ દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શિશ ઝુકાવશે.

કેન્દ્રીય મંત્રી અમિત શાહ આ પ્રવાસ દરમ્યાન તેઓ કોડીનાર અને ચાંપરડાના કાર્યક્રમમાં પણ હાજરી આપનાર છે. કોડીનાર અને ચાંપરડાનાં કાર્યક્રમની સાથે તેઓ જુનાગઢની પણ મુલાકાત લેનાર છે.જે બાદ તેઓ હેલીકોપ્ટર મારફત ફરી હિરાસર એરપોર્ટ ખાતે આવી ત્યાંથી એરક્રાફટમાં હવાઈ માર્ગે અમદાવાદ જવા રવાના થશે. કેન્દ્રીય ગૃહમંત્રીની આ મુલાકાત સંદર્ભે જીલ્લા વહીવટી તંત્ર તડામાર તૈયારીઓમાં ગુંથાઈ જવા પામેલ છે.

અહીં ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ જામનગર, સોમનાથ અને સાસણની મુલાકાત લીધી હતી આ સમયે વડાપ્રધાને પણ હિરાસર એરપોર્ટની ટ્રાન્ઝીટ વિઝીટ કરી હતી.જે બાદ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ અમદાવાદથી સોમનાથ જતા પૂર્વે હિરાસર એરપોર્ટની ટ્રાન્ઝીટ વિઝીટ કરી ૧૦ મીનીટનું રોકાણ કરનાર હોય જીલ્લા કલેકટર પ્રભવ જોશી, પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓનો કાફલો હિરાસર એરપોર્ટ ખાતે પહોંચી એરપોર્ટ ઓથોરીટીના અધિકારીઓ સાથે તૈયારીઓની સમીક્ષા યોજાશે.

### છેતરપીંડીના નીતનવા નુસ્ખાઓનો શિકાર બની રોજબરોજ લોકો ગુમાવે છે નાણા

# મચ્છીના ધંધામાં નફાની લાલચે વેપારીએ ગુમાવ્યા ત્રેવીસ લાખ

## બીજા બનાવમાં ખોદકામ દરમિયાન સોનાના બિસ્કીટ નીકળ્યા છે, સસ્તામાં આપવાના છે કહી બે ગઠીયા ખેડુતને નકલી સોનુ ધાબડી અસલી રોકડ લઇ ગયા




રાજકોટઃ ગામને ગમે તેમ કરીને ગમે તેવા નુસ્ખાઓનો ઉપયોગ કરીને છેતરી લેવાની ઘટનાઓ અટકતી જ નથી. કોને કઇ રીતે ફસાવીને ગજવા ભરી લેવા તે લેભાગુઓ સારી રીતે જાણતાં હોય છે. ઠગાઇના વધુ નવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં ચાર મહિલા સહિત આઠ જણાની ટોળકીએ મચ્છીના ધંધામાં રોકાણ કરવાથી નફો થશે તેવી લાલચ આપી વેપારીને ત્રેવીસ લાખનો ચૂનો લગાવી દીધો છે. બીજી તરફ ખોદકામ વખતે સોનાના બિસ્કીટ નીકળ્યા છે, સસ્તામાં આપી દેવાના છે તેવુ કહી ખેડુત સાથે બે ગઠીયા ઠગાઇ કરી ગયા છે. નકલી સોનુ ધાબડી અસલી રોકડ બંને લઇ ગયા હતાં.

ઠગાઇના પ્રથમ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો ઓઈલના વ્યવસાયીને શહેરના કં.પરામાં રહેતાં શખ્સે તેની તથા તેનના સંબંધીઓ સાથે મચ્છીના ધંધામાં ભાગીદારીમાં રૂા.૨૩.૧૦ લાખનું રોકાણ કરાવી નાણાં કે હિસાબ ન આપી ઠગાઈ આચરી હતી. વ્યવસાયીએ ઠગબાજ શખ્સ અને તેના પત્નિ સહિત ચાર મહિલા મળી આઠ લોકો વિરૂધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જણાવ્યું હતું કે ભાવનગરના ઘોઘા તાલુકાના સણોદર ગામે આવેલ ઘાંચીવાડ ખાતે રહેતા અને અલંગના ઓઈલનો વ્યવસાય કરતા ફૈઝલભાઈ નહીનભાઈ સોલંકી દોઢેક વર્ષ પહેલા રાજુ બાબુભાઈ સોલંકી (રહે.ક.પરા,પુરીના ચોક પાસે મચ્છીબજાર ચોક,ભાવનગર)ને મળ્યા હતા અને પોતે મચ્છીનો હોલસેલ વેપાર વેપાર કરતાં હોવાનું જણાવી ફૈઝલભાઈને પણ આ વ્યવસાયમાં ઝંપલાવવા અને રોકાણ કરવા વાત કરી હતી. જેના પગલે ફૈઝલભાઈએ રાજુ સોંલકી સાથે મચ્છીના વેપારમાં નાણાં રોકી ભાગીદાર બન્યા હતા.

ત્યારબાદ રાજુ સોલંકી અને તેના પત્નિ મીનાબેન ઉપરાંત આ દંપતિના સગા સંબંધી એવા કલ્પેશ ચંદુભાઈ ખારવા અને તેના પત્નિ જયોત્સનાબેન, સાવિતાબેન નાનજીભાઈ ડોસલા તથા તેમના પુત્ર રાજેન્દ્ર, સુનિતાબેન રોહિતકુમાર માછી તથા તેના પતિ રોહિત રમેશભાઈ માછીને માચ્છીમારીના ધંધા માટે નોટરાઈઝ્ડ કરાર કરી ભાગીદારીમાં રૂા.૩-૩ લાખ મળી કુલ રૂા.૨૩.૧૦ લાખનું રોકાણ કર્યું હતું. તમામે ભાગીદારીની શરૂઆતમાં હિસાબ આપ્યો હતો બાદમાં તમામે નાણાં અને હિસાબ આપવાનું બંધ કર્યું હતું. જેના પગલે ફૈઝલભાઈએ ચાર મહિલા સહિત આઠેય લોકો પાસેથી હિસાબ માંગતા તમામે ગલ્લાં તલ્લા કરી હિસાબ કે બાકી નાણાં આપવાનું બંધ કર્યું હતું. લાંબા સમય સુધી નાણાં કે હિસાબ ન મળતાં આજરોજ ફૈઝલભાઈએ ઉક્ત ચાર મહિલા સહિત આઠ લોકો વિરૂદ્ધ ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં મચ્છીના ધંધામાં રોકાણ કરાવી નાણાં કે હિસાબ ન આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવની વિગતો જોઇએ તો જેસીબીથી ખોદકામ દરમિયાન સોના અને ચાંદીના મળેલા બિસ્કિટ સસ્તા ભાવે વેચવાના છે તેવી લાલચમાં આવી ગયેલા વાઘોડિયા તાલુકાના એક ખેડૂતને બે ગઠિયા નકલી સોનું પધરાવી એક લાખ લઇ ગયા હતાં. વાઘોડિયા તાલુકાના વ્યારા ગામમાં રહેતા હરિશ રામદાસ પટેલે રાજસ્થાનના અલવર જિલ્લામાં બજેડી ખાતે રહેતા રાજુ આમલાભાઇ શર્મા અને રાહુલ રામકિશન શર્મા સામે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે એક વર્ષ પહેલાં ગામની સીમમાં જમીનમાં પાઇપલાઇનના કામ માટે જેસીબીના કામ માટે રાજુ શર્માનો સંપર્ક થતાં તેને હું ઓળખતો હતો. પાંચ મહિના પહેલાં રાજુનો ફોન આવ્યો હતો અને જણાવેલ કે તમારું ખાનગી કામ છે, તમે કોઇને કહેતા નહી, હું અને મારા માસીનો પુત્ર રાહુલ કચ્છ-ભુજ ખાતે જેસીબીથી કામ કરતા હતા ત્યારે સોનાના ચાર બિસ્કિટ અને બે ચાંદીના બિસ્કિટ મળ્યા છે, મારી દીકરીના લગ્ન હોવાથી રૂપિયાની જરૂર હોય સોનાના બદલામાં ૨૫ લાખની માંગણી કરી હતી.

આ વખતે મેં જણાવેલ કે સોનું લઇને આવો ખાત્રી કર્યા બાદ મારાથી બનતી મદદ કરીશ. ત્યારબાદ વાઘોડિયા શંકર ટેકરી ખાતે રાજુ અને રાહુલ બંને આવ્યા હતા અને સોનાના બિસ્કિટ બનાવી સોના જેવી ધાતુંના બે નાના સેમ્પલ આપી ખાત્રી કરાવવાનું કહ્યુ હતું. બંને સેમ્પલની મેં સોની પાસેથી ખરાઇ કરાવતા ૦.૭૮૦ મિલિગ્રામના સોનાના ટુકડા હોવાનું જણાયું હતું. બાદમાં બીજા દિવસે રાજુએ મારો સંપર્ક કરતા શંકર ચોકડી પાસે મેં તેને બોલાવ્યો હતો. બીજા દિવસે રાજુ અને રાહુલ બંને મળ્યા હતાં અને બે બિસ્કિટ લઇ રાજુને રોકડા એક લાખ આપી સોનાની ખાત્રી કરાવ્યા બાદ બાકીની રકમ લઇ જજો તેમ કહી અમે છૂટા પડયા હતાં. સોનાના બિસ્કિટની સોની પાસે ખાત્રી કરાવતા તે નકલી નીકળ્યા હતાં. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# વૂમન્સ ડે નિમિતે કાલે સ્ત્રીરોગ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

## આશાપુરા ક્ષત્રીય મહિલા મંડળ દ્વારા યોજાનાર કાર્યક્રમમાં મહિલાઓએ લાભ લેવા અનુરોધ

રાજકોટ મિરર, તા.૬

આવતીકાલ તા. ૮ ને મહિલા દિવસ નિમિત્તે આશાપુરા ક્ષત્રિય મહિલા મંડળ દ્વારા સ્ત્રીરોગ જાગૃતિકરણ કાર્યકર્મનું આયોજન કરવામાં આવ્યું છે. આશાપુરા માતાજીના મંદિર ખાતે, ગાંધીગ્રામ ખાતે, તા. ૮ ના રોજ સાંજે ૪ -૦૦ વાગ્યે યોજાનાર આ કાર્યક્રમનું સંચાલન ક્ષત્રિય મહિલાઓ દ્વારા કરાશે. પરંતુ તમામ સમાજના મહિલાઓ માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં ડો. જલ્પાબેન શાહ દ્વારા બ્રેસ્ટ કેન્સર સહિતના જટિલ રોગોનું માર્ગદર્શન અપાશે તેમજ તેમના ઉપાયો અને સાવચેતી અંગે માહિતી અપાશે.આ કાર્યક્રમ કરવાનું મુખ્ય કારણ એ છે કે જે સ્ત્રી પોતાના દરેક કિરદાર(માં, પત્ની, બહેન..)અને ઘર પરિવાર, સમાજના કામોમાં હમેંશા વ્યસ્ત હોય છે. તેણી પોતાના સ્વાસ્થ્ય માટે જાગૃતિ કેળવે અને તે માટે સ્વસ્થ, સક્ષમ બનીને સમાજ, પરિવારનું પણ આ રીતે નિર્માણ કરી શકે તે હેતુ છે.સ્ત્રીની શારીરિક રચના જટિલ છે એટલે એને થવા વાળા રોગોમાંથી બહાર આવવુ પણ અઘરું છે ત્યારે આ કાર્યક્રમ દ્વારા આવી બીમારીથી કેમ બચવું અને લક્ષણો સમજી રોગ થાય એ પહેલા રોકી શકે એ માટે તજજ્ઞો દ્વારા ઉપસ્થિત સૌ મહિલાઓને સવિસ્તાર જાગૃત કરાશે.આશાપુરા ક્ષત્રિય મહિલા મંડળ દ્વારા યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દુર્ગાબા જાડેજા, ડો. નયનાબા જાડેજા, હર્ષાબા જાડેજા તેમજ સેજલબેન ચૌધરી ખાસ હાજર રહેશે. જ્યારે સહાયકો તરીકે વિષ્ણુબા જાડેજા, જયશ્રીબા જાડેજા, નંદુબા જાડેજા તેમજ જેની ઠક્કર સેવા આપશે.શહેર તેમજ તાલુકા અને જીલ્લા વિસ્તારના મહિલાઓએ આ કાર્યક્રમનો લાભ લેવા કાર્યક્રમ આયોજક આશાપુરા ક્ષત્રીય મહિલા મંડળ વતી ઉર્વશીબા મયુરસિંહ જાડેજા દ્વારા અનુરોધ કરાયો છે.



# ઉમિયાધામ રાજકોટનો શીલાન્યાસ મહોત્સવ સંપન્ન

## ઉમિયા માતાજી સંસ્થાન, પટેલ સેવા સમાજ અને પટેલ પ્રગતિ મંડળના ટ્રસ્ટી, કારોબારી સભ્યઓ તેમજ સંગઠનની ટીમ હાજર રહી આ દિવ્ય પ્રસંગના સાક્ષી બન્યા

રાજકોટ, તા. ૬

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન રાજકોટ દ્વારા ગત તા.૦૪.૦૩.૨૦૨૫ના રોજ ઉમિયાધામ જસવંતપુરનો શીલાન્યાસ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ ઉમિયાધામ મંદિરના નિર્માણનું ખાતમૂહર્ત તા.૧૩.૧૨.૨૦૨૪ના રોજ રાજ્યના આદરણીય મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શીલાન્યાસ મહોત્સમાં ઉમિયા માતાજીના મંદિરના મુખ્ય યજમાન તરીકે અરવિંદભાઈ છગનભાઈ પટેલ સહયજમાન તરીકે પ્રભુદાસ મુળજીભાઇ કણસાગરા, શિવલાલ વશરામભાઈ ધોડાસરા, વલ્લભભાઈ બાવનજીભાઈ કટારીયા, નિલયકુમાર મગનલાલ ડેડાણીયા, સમીરભાઈ વિઠલભાઈ ઝાલાવડિયા, વસંતભાઈ રવજીભાઈ અંદિપરા, નિખીલભાઈ રતિભાઈ ગોળ, સવજીભાઈ હરીભાઈ ભેંસદડીયા તેમજ શ્રી રાધાકૃષ્ણના મંદિરના મુખ્ય યજમાન તરીખે નંદલાલભાઈ લક્ષ્મણભાઈ માંડવીયા અને સહયજમાન તરીકે કેવલભાઈ સૂર્યકાંતભાઈ ભાલોડીયા, વિનેશભાઈ બાબુભાઈ ટીલવા, નટવરલાલ રવજીભાઈ છત્રાળા, હર્ષભાઈ નરેન્દ્રભાઈ દેસાઈ, ચુનીભાઈ રામજીભાઈ ધોડાસરા, કાંતીભાઈ ગોવિંદભાઈ માકડિયા, કિશોરભાઈ વિરજીભાઇ વિરમગામા, હેતલબેન કેતનભાઈ કાલરીયા.

શિવમંદિરના મુખ્ય યજમાન તરીકે અશોકભાઈ રવજીભાઈ કાલાવડીયા અને સહયજમાન તરીકે કાંતીભાઈ હરીભાઈ મકાતી, મનસુખભાઈ પરષોત્તમભાઈ પાણ, કિશોરભાઈ ધનજીભાઈ ધોડાસરા, મગનભાઈ જસમતભાઈ ધિંગાણી, નરોતમભાઈ ગોકળભાઈ કણસાગરા, દિલીપભાઈ રતિભાઈ આદ્રોજા, ડેનીશ પ્રવિણભાઈ કાલરીયા આ દિવ્ય કાર્યમાં જોડાઈને ધન્યતા અનુમતી હતી. આ કાર્યક્રમમાં સન્માનીય સંતો મહંત ભાણદેવજી સરસ્વતી નિકેતન આશ્રમ જોધપર (નદી), આઈશ્રી દેવલ મા બીલીયાવડ (જુનાગઢ), પૂજ્ય અપૂર્વમુની સ્વામી બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર -રાજકોટ, મહંત દામજી ભગત નકલંકધામ બગથળા (મોરબી), સંત આત્માનંદ સરસ્વતીજી ભજનાનંદ આશ્રમ (બોટાદ) જોડાયા હતા. તેવો એ મંદિર નિર્માણના કાર્યને સમાજિક સંસ્કાર સિંચનનું ઉતમ ઉદાહરણ બનશે. તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉમિયા માતાજી સંસ્થાન, પટેલ સેવા સમાજ અને પટેલ પ્રગતિ મંડળના ટ્રસ્ટી, કારોબારી સભ્યઓ તેમજ સંગઠનની ટીમ હાજર રહી આ દિવ્ય પ્રસંગના સાક્ષી બન્યા હતા.

### મિત્રતા, પ્રેમના નામે ખેલ પછી હવે સગપણ કરીને કૂકર્મ આચરવાના કારસા

# સગાઇ, સેક્સ ને દગોઃ મંગેતરે દેહ પીંખી લગ્નની ના કહી દીધી

## બીજા બનાવમાં ફિઝીયોથેપીસ્ટ ડોક્ટરે દર્દી યુવતિ સાથે આચર્યુ દૂષ્કર્મઃ બેભાન કરી નગ્ન વિડીયો ઉતારી બ્લેકમેઇલ પણ કરીઃ માથેથી દાગીના પણ પડાવ્યા!



રાજકોટઃ સોશિયલ મિડીયા થકી કે પછી રૂબરૂ મળીને મિત્રતા, પ્રેમના નામે ખેલ ખેલનારા સતત હવસખોરી આચરી રહ્યા છે. હવે તો સગાઇ બાદ દૂષ્કર્મ આચરી દગાખોરી કરનારા પણી વધી ગયા છે. દૂષ્કર્મના વધુ બે ચોંકાનારા બનાવ સામે આવ્યા છે. જેમાં એક શખ્સે સગાઇ, સેક્સ અને ધોખા જેવુ કર્યુ છે. સગપણ બાદ આ મંગેતરે પોતાની ભાવી પત્નિ સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધી લીધા હતાં. પરંતુ છેલ્લે લગ્નની ના કહી દગાખોરી આચરતાં વાત પોલીસ સુધી પહોંચી છે. બીજી તરફ એક ફિઝીયોથેરાપીસ્ટ ડોક્ટરે દર્દી યુવતિને હવસનો શિકાર બનાવી હતી. બેભાન કરી નગ્ન વિડીયો ઉતારી બ્લેકમેઇલ કરી દાગીના, રોકડ પણ પડાવ્યા હતાં. પોલીસે આ હવસખોર દાક્તરને પકડી કાયદાનું ઇન્જેક્શન આપ્યું છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં એક યુવતીને તેના ભાવિ પતિને વધુ પડતી છુટ આપવાની ભૂલ કરવા બદલ હવે પશ્ચાતાપ થઈ રહ્યો છે. લગ્નની તારીખ નક્કી થાય તે પહેલા જ યુવકે લગ્નનો ઇન્કાર કરી દેતા યુવતીએ પોલીસની મદદ લીધી છે. અહિ રહેતી એક યુવતીને તેના બહેનના સાસરી પક્ષમાં સંબંધ ધરાવતા યુવક સાથે પરિચય થયા બાદ બંને જણાએ લગ્નગ્રંથિથી જોડાવાનું નક્કી કરતા પરિવારજનોએ પણ સંમતિ આપી હતી. સામાજિક રીત રિવાજ મુજબ તેઓની સગાઈ કરવામાં આવી હતી અને બંને જણા હરવા ફરવા માંડ્યા હતા. પરંતુ આ સમયગાળા દરમિયાન યુવકે વધુ પડતી છૂટછાટ લઈ મર્યાદા ઓળંગવા માંડી હતી, અને યુવતી તેને અટકાવી શકી ન હતી. લગ્ન પહેલા જ યુવકે શરીર સુખ માણવા માંડ્યું હતું. યુવતીની મરજી નહીં હોવા છતાં વારંવાર તે યુવતી સાથે સંબંધ બાંધતો હતો.

બીજી તરફ યુવતી અને તેના પરિજનોએ લગ્નની તારીખ નક્કી કરવા માટે વાતચીત માંડતા યુવકે યુવતીના ચારિત્ર ઉપર આક્ષેપો કરવા માંડ્યા હતા અને લગ્નનો ઇનકાર કરી દીધો હતો. યુવતી અને તેના પરિવારજનો અત્યંત દયનીય હાલતમાં મુકાઈ ગઈ હોવા છતાં તે હિંમત હારી ન હતી અને અભયમની મદદ લીધી હતી. અભયમે બંનેનું કાઉન્સેલિંગ કર્યું હતું અને નજીકના પોલીસ સ્ટેશનની પણ મદદ લીધી હતી. યુવતીએ આ અંગે યુવકને પાઠ ભણાવવા માટે પોલીસ ફરિયાદ કરવાની તૈયારી બતાવી હતી.

દૂષ્કર્મના બીજા કિસ્સામાં ડોક્ટર ભાન ભુલ્યો હતો. હોસ્પિટલમાં સારવાર લેવા જવું મહિલાઓ માટે ખરેખર ખતરનાક બનતું જઈ રહ્યું છે. થોડા સમય પહેલાં મહિલાઓના વીડિયો સોશિયલ મીડિયામાં વેચતા થઈ ગયા હતા, ત્યારે અમદાવાદમાં સારવાર માટે ગયેલી યુવતીને ઇન્જેક્શન આપી બેભાન કર્યા બાદ તેનો વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ વાઈરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. જોકે, ડોક્ટર ત્યાં અટક્યો નહીં અને યુવતીને બ્લેકમેઇલ કરી ૪ લાખ રૂપિયા અને દાગીના પડાવી લીધા હતા. આ મામલે યુવતીએ ડોક્ટર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ શરૂ કરી છે. નારોલ વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષીય યુવતીએ ડાયાબિટીસ અને ચામડીના રોગની સારવાર માટે ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટર નિલેશ નાયક પાસે ગઈ હતી.

શરૂઆતમાં સારી રીતે વર્તીને ડોક્ટરે વાતચીત શરૂ કરતા યુવતીને તેની પર વિશ્વાસ બેસતા તેમની વચ્ચે મિત્રતા થઈ હતી. દરમિયાન ગત વર્ષે મે મહિનામાં યુવતી ડોક્ટરની પાસે ગઈ હતી. ત્યારે તેની તબિયત લથડી હતી અને અચાનક ચક્કર આવતા હોવાનું લાગતા ડોક્ટરે તેને બાટલો ચડાવવાથી સારૂ થઈ જશે તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ ડોક્ટરે યુવતીને સિરીંજ મારફતે ગ્લુકોઝની બોટલ ચડાવવાનું કામ શરૂ કર્યું હતું. એ પછી ડોક્ટરે યુવતીની જાણ બહાર ઘેનની દવાનું ઇન્જેક્શન ગ્લુકોઝમાં મિક્સ કરી દીધું હતું.

આ સ્થિતિમાં યુવતી બેભાન અવસ્થામાં જતી રહી હતી. જેનો લાભ લઈને ડોક્ટરે યુવતીને નિર્વસ્ત્ર કરી તેના ફોટા પાડ્યા હતા અને વીડિયો ઉતારી લીધો હતો. ડોક્ટરે યુવતીને આ ફોટો-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને યુવતીને મણિનગરની હોટલમાં લઈ જઈ ચારથી પાંચ વખત દુષ્કર્મ આચર્યું હતું.

થોડા સમય પહેલાં ડોક્ટરે યુવતીને ધમકી આપી તેની પાસેથી ટુકડે ટુકડે ૪ લાખ રૂપિયા અને દાગીના પડાવી લીધા હતા. ડોક્ટરના બ્લેકમેઇલિંગથી કંટાળી ગયેલી યુવતીએ આ અંગે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મણિનગર પોલીસે દુષ્કર્મ અને બ્લેકમેઇલિંગના ગુનામાં ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટર નિલેશ નાયકની ધરપકડ કરી વધુ કાર્યવાહી શરૂ કરી છે.

તો બીજી તરફ ડોક્ટરે ખંડણી પેટે બે લાખ રૂપિયા એકાઉન્ટમાં લીધા હોવાના પણ પુરાવા મળ્યા છે. જેથી આરોપી વિરૂદ્ધ વધુ પુરાવા એકઠા કરી કડક કાર્યવાહી થાય તે અંગે તપાસ શરૂ કરી હતી. આ કિસ્સાએ ચકચાર જગાવી દીધી છે.

એક ઢગાએ પોતે હિન્દુ ધર્મને ખુબ માને છે એવો દેખાવ કરવા સગીરા સાથે ચાર પાંચ વાર મંદિરમાં જવાનું નાટક કર્યુ, પછી પોતાના કારસાને અંજામ આપ્યો

# સગીરા- છાત્રાને સદામ-કાસમે ફસાવી આચર્યુ દૂષ્કર્મ

## બીજા કિસ્સામાં કોલેજીયન છાત્રાને બ્લેકમેઈલ કરી વારંવાર દેહ પીંખ્યોઃ બંને ઘટનામાં પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટઃ સગીરાઓને ભોળવીને ફસાવીને તેની સાથે દૂષ્કર્મ આચરવાની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. રાજ્યભરમાં આવી ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. તેમાં પણ અમુક લેભાગુ વિધર્મી શખ્સો પોતે હિન્દુ હોવાનો ઢોંગ કરી જે તે હિન્દુ સગીરાને મોહજાળમાં ફસાવી બળાત્કાર ગુજારી લેતાં હોય છે અને ઘણીવાર લવજેહાદના ભાગ રૂપે જે તે સગીરા, યુવતિ સાથે લગ્ન કરી ધર્માંતરણ પણ કરાવતાં હોય છે. રાજકોટની બે હિન્દુ સગીરાને બે કુટુંબી મુસ્લિમ શખ્સો તાજેતરમાં ભગાડી ગયા હતાં. જેને પોલીસે નેપાળ બોર્ડરથી દબોચ્યા હતાં. ત્યાં હવે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક સગીરાને મુસ્લિમ શખ્સે પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ આચર્યુ હતું. પોતે હિન્દુ ધર્મનો ચાહક છે એવુ બતાવવા મંદિરમાં જવાનો ઢોંગ પણ રચ્યો હતો. બીજા બનાવમાં કામસમ નામના વકિલે એક વિદ્યાર્થીનીને ફસાવી બ્લેકમેઇલ કરી શરીર સંબંધ બાંધવા નહિ દેતો ફોટા ઘરનાને બતાવી દેશે કહી પીંખી નાંખી હતી.



પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના પાદરામાં રહેતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને લઘુમતી કોમના યુવક દ્વારા પ્રેમ સંબંધ બાંધવામાં આવ્યા હતા. સગીરાનો વિશ્વાસ કેળવવા માટે અને પોતાને હિન્દુ ધર્મ પસંદ હોય તેવું નાટક કરવા માટે મુસ્લિમ યુવક ત્રણથી ચાર વાર મંદિરમાં પણ સગીરા સાથે ગયો હતો. જેથી તેણે સગીરા સાથે શરીર સંબંધ પણ બાંધ્યા હતા. પરંતુ સગીરાએ તેનો પ્રતિકાર કરતા હવે બ્લેકમેલ કરીને દુષ્કર્મ ગુજારતો હોઇ ટાળી ગયેલી સગીરાએ પરિવારને જાણ કરી હતી. જેથી પરિવારજનોએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેને પકડી લેવા તજવીજ કરી હતી.

સદામ નામના મુસ્લિમ યુવકે પાદરાની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી હતી. યુવક પોતે હિન્દુ ધર્મને પસંદ કરે છે વિશ્વાસ કેળવીને સગીરા સાથે મંદિરમાં પણ અવારનવાર જતો હતો. આમ સગીરા સાથે પ્રેમ સંબંધ બાંધ્યા બાદ અવારનવાર સગીરા પર દુષ્કર્મ પણ ગુજાર્યુ હતું. પરંતુ થોડા સમય બાદ સગીરાએ તેની સાથે સંબંધ તોડી નાખતા આ સદામ નામના મુસ્લિમ યુવકે તેને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યુ હતું. અને ધમકી આપીને વારંવાર શરીર સંબંધ બાંધ્યા હતા. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ કંટાળી ગયેલી સગીરાએ પરિવારના સભ્યોને જાણ કરતા તેઓએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટનામાં ઓગણીસ વર્ષિય છાત્રાએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું ધોરણ અગીયારમાં અભ્યાસ કરતી હતી, ત્યારે કાસમ સલીમભાઇ ચૌહાણ તેના ઘરે ટ્યૂશન ક્લાસીસ ચલાવતો હતો અને હું સાંજના પાંચથી છ વાગ્યા સુધી ટ્યૂશન ક્લાસીસ જતી હતી. મેં બે વર્ષ સુધી ત્યાં ટ્યૂશન ક્લાસીસ કર્યા હતા અને તે વખતે અમે બંન્ને વાતચીત કરતાં હતાં અને ધોરણ-૧૨ પાસ કર્યા પછી મેં બી.કોમ.માં એડમિશન લીધું હતું અને છેલ્લા છ મહિનાથી કાસમભાઇ સલીમભાઇ ચૌહાણ મારી સાથે ફોન ઉપર વાતચીત કરતો હતો અને મને તેની બાઈક ઉપર ફરવા માટે લઇ જતો હતો.

યુવતીએ આગળ જણાવ્યું હતું કે ઓક્ટોમ્બર-૨૦૨૪માં મને વડોદરા સ્થિત મારી કોલેજથી તેની બાઈક ઉપર બેસાડી છાણી તરફ ફરવા લઇ ગયો હતો અને ત્યારબાદ નવેમ્બર-૨૦૨૪માં પાદરા બસ ડેપોથી તે મને તેની બાઈક ઉપર બેસાડીને ફરવા જઇએ છે તેમ કહી ચાપડ ગામ સંતકબીર સ્કૂલ થઇ આગળ ટી.પી. રોડ ઉપર લઇ ગયો હતો અને બાઇક ત્યાં પાર્ક કરીને મને ઝાડીમાં લઇ ગયો હતો.

તયારબાદ અગાઉ મારા તેની સાથેના ફોટા તેના ફોનમાં પડ્યા હતા, તે ફોટા મને બતાવ્યા હતા અને તું મને તારી સાથે શરીર સબંધ બાંધવા દે નહીં તો હું તારા ઘરનાને ફોટા બતાવી દઇશ તેમ કહી મારી સાથે મારી મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. ત્યારબાદ હું કોલેજમાં જતી હોય ત્યારે મને આપણે ફરવા જવાનું છે તેમ કહી ફરીથી અગાઉ ચાપડ ગામ ખાતે લઇ ગયેલો.

તે જગ્યા ઉપર લઇ જઇ મારી મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધ્યો હતો ત્યારબાદ પણ મને તે અવાર-નવાર ફોન કરી ફરવા જવા માટે દબાણ કરતો હતો. જાન્યુઆરી માસમાં છેલ્લી તારીખોમાં ફરવા જઇએ તેમ કહી લઇ ગયો હતો અને મારી સાથે ફરીથી મારી મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. દીકરીના વ્યવહારમાં ફેરફાર દેખાતા માતાએ હિંમત આપીને પૂછપરછ કરતાં દીકરીએ પોતાની આપવીતી જણાવી હતી.

કાસમ સલીમભાઇ ચૌહાણએ તેણીના ફોટો વાઈરલ કરવાની ધમકી આપી તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યાની હકીકત જણાવી હતી. આ બન્ને બનાવોએ ચર્ચા જગાવી દીધી છે.

# કાલે નવસારીમાં લખપતિ દીદી સંમેલન

## ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની અપાશે સહાય

રાજકોટ, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી આજ અને કાલ ગુજરાતના પ્રવાસે છે. આ દરમિયાન, ૮ માર્ચ, ૨૦૨૫ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવસારી જિલ્લાની મુલાકાત લેશે.

તેમની અધ્યક્ષતા હેઠળ નવસારીમાં વાંસી-બોરસી ખાતે 'લખપતિ દીદી સંમેલન' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રીના હસ્તે રાજ્યની ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની સહાય આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, દેશની મહિલાઓને ઉદ્યોગસાહસિકતા માટે પ્રોત્સાહિત કરીને આર્થિક રીતે પગભર કરવા અને તેમનું સશક્તિકરણ કરવાના ઉદ્દેશથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ 'લખપતિ દીદી યોજના'નો આરંભ કરાવ્યો હતો. લખપતિ દીદી એ સ્વસહાય જૂથની મહિલા સભ્યો છે, જેઓ મહિલા સ્વાવલંબન થકી આવકના વિવિધ સ્રોત જેવા કે કૃષિ, પશુપાલન, લઘુ ઉદ્યોગ વગેરેમ-ાંથી માસિક ₹૧૦,૦૦૦ કે તેથી વધુની આવક અને વાર્ષિક ₹૧ લાખ કે તેથી વધુ આવક મેળવે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વ્યાપક પ્રયાસોને કારણે આજે ૧ લાખ ૫૦ હજાર જેટલી મહિલાઓની વાર્ષિક આવક એક લાખ કે તેથી વધુ સુધી પહોંચી છે અને તેઓ લખપતિ દી-દીઓ બની છે. આ સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માનિત કરવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રાજ્યના ૨૫ હજાર સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની નાણાકીય સહાય આપવામાં આવશે.

### લખપતિ દીદી સંમેલન

નવસારીમાં વાંસી બોરસી ખાતે યોજાનાર લખપતિ દીદી સંમેલનમાં નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની ૧ લાખ મહિલ-ાઓ ભાગ લેશે. આ મહિલાઓમાં મોટાભાગે સ્વસહાય જૂથોની સભ્ય મહિલાઓ, જેઓ લખપતિ દીદી બની છે અથવા તો બનવાની ઇચ્છા ધરાવે છે, તેઓ સામેલ થશે. પસંદ કરવામાં આવેલ ૧૦ લખપતિ દીદીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સંવાદ કરશે અને ૫ લખપતિ દીદીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરશે. આ ઉપરાંત, ગુજરાતમાં લખપતિ દીદી યોજના અંતર્ગત જે પ્રગતિ થઇ છે, તે દર્શાવતી એક ફિલ્મ પણ કાર્યક્રમ દરમિયાન બતાવવ-ામાં આવશે. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન બે મહત્વપૂર્ણ રાજ્ય વિશિષ્ટ યોજનાઓ પણ લોન્ચ કરવામાં આવશે.



ઓનલાઇન ફ્રોડના કિસ્સા અટકતા જ નથીઃ બેંકના લોગોવાળો મેસેજ મોકલીને છેતરપીંડી

# ATM કાર્ડ એક્ટીવ કરવા જતાં યુવાનને ૭ લાખનો ચૂનો

## વ્હોટ્સએપમાં મેસેજ આવ્યો, એપીકે ફાઇલ ડાઉનલોડ કરવા કહેવાયુંઃ યુવાને આવુ કરતાં જ ધડાધડ ખાતામાંથી રકમ ઉપડી ગઇ

રાજકોટઃ ઓનલાઇન ઠગાઇની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક નવો કિસ્સો ઉમેરાયો છે. આ વખતે ગઠીયાઓએ બેંકના લોગોવાળો મેસેજ મોકલી એપીકે ફાઇલમાં લોગઇન કરવા જણાવતાં જ આવુ કરનાર વ્યક્તિના બેંક ખાતામાંથી સાત લાખ ઉપડી ગયા હતાં.

બીજા એક બનાવમાં એક વેપારીને મહિલાએ પ્રેમજાળમાં ફસાવી સોનાનો હાર પડાવી લીધો હતો. તેમજ બાદમાં વેપારીના ઘરે જઇ ધમાલ મચાવી વેપારી, તેના પત્નિ, પુત્રીને મારી નાખવાની ધમકી પણ આપતાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો હવે ગઠીયા તદ્દન નવી ટ્રીક લાવ્યા છે. જો તમારા મોબાઇલ ફોનમાં વોટ્સએપ પર બેંકના લોગોવાળા પ્રોફાઇલ પિક્ચર સાથે કોઈ મેસેજ આવે તો સાવધાન થઈ જજો કારણ કે, આ મેસેજ ખોટો હોઈ શકે છે.



**બીજા કિસ્સામાં વેપારીને પ્રેમજાળમાં ફસાવી સોનાનો હાર પડાવ્યોઃ માથે જતાં ઘરમાં ઘુસી તોડફોડ કરી ધમકી અપાઇ**

નારણપુરા વિસ્તારમાં રહેતા વ્યક્તિને જૂનું કાર્ડ એક્સપાયર થઈ ગયું હોવાથી નવું કાર્ડ એક્ટિવ કરવા માટે એટીએમ મશીનમાં ગયા બાદ બેંકના લોગો સાથે વોટ્સએપ પર આવેલી એપીકે ફાઇલમાંથી લોગીન કરતાની સાથે જ તેમના ખાતામાંથી ૬.૯૭ લાખ રૂપિયા બારોબાર અન્ય ખાતામાં જમા થઈ ગયા હતા. આમ અમને સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટના બારામાં વધુ વિગતો જોઇએ તો અમદાવાદ નારણપુરા વિસ્તારમાં અર્જુન પેરેડાઇઝમાં રહેતા અને ઘી કાંટા ખાતે આવેલી લાઇફ ઇન્શ્યોરન્સ ઓફ ઇન્ડિયામાં નોકરી કરતા ગૌતમભાઈ તોમરનું એટીએમ કાર્ડ એક્સપાયર થઈ ગયું હતું.

જેથી, રિલીફ રોડ ખાતે આવેલી યુનિયન બેન્કના એટીએમમાં જઈને તેઓએ પોતાનું જે નવું એટીએમ કાર્ડ આવ્યું હતું તેને એક્ટિવ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓના પૈસા ઉપડ્યા નહોતા. તરત જ તેમના મોબાઈલ ફોન ઉપર યુનિયન બેન્કના લોગો સાથેના પ્રોફાઈલ પિક્ચરનો સાથેના વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો જેમાં યુનિયન બેન્કની એપ્લિકેશન અપડેટ કરવાની એપીકે ફાઈલ હતી. જેથી તેઓએ બેંકમાંથી મેસેજ આવ્યા હોવાનું માની અને તે એપીકે ફાઇલ ડાઉનલોડ કરી હતી અને ત્યારબાદ પોતાના બેંક એકાઉન્ટ નંબર સાથે લોગીન કર્યું હતું. જોકે ત્યારબાદ તેઓને આંગેશક જતા યુનિયન બેંકમાં જઈને તપાસ કરતા કોઈપણ પ્રકારની આવી હતી કે ફાઈલનો મેસેજ બેંક દ્વારા મોકલવામાં આવ્યો નથી એવું જાણ થઈ હતી.

ત્યારબાદ તેણે આ ફાઇલને ડીલીટ કરી દીધી હતી રાત્રે તેઓએ ઘરે જઈને જોયું તો તેમના મોબાઇલમાં મેસેજ આવ્યા હતા બીજા દિવસે રવિવારે સવારે જોયું તો મોબાઈલમાં અલગ અલગ ટ્રાન્જેક્શનના મેસેજ હતા જેમાં કુલ ૬.૯૭ લાખ રૂપિયા અન્ય બેંકના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હતા. જેથી તેઓને સાઇબર ફ્રોડ થયા હોવાની જાણ થતા સાયબર હેલ્પલાઇનમાં જાણ કરી હતી અને બાદમાં આ મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં તેઓ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજા એક બનાવમાં એક વેપારીને યુવતિએ પ્રેમજાળમાં ફસાવી સોનાનો હાર પડાવી લીધો હતો. આ કિસ્સામાં જામનગરની મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાઇ છે. ભોગ બનનાર વેપારી તથા તેની પત્નિ અને બાળકોને પતાવી દેવાની ધમકી આપી ઘરમાં પણ તોડફોડ કરી હતી.

જામનગરમાં રણજીતસાગર રોડ પર સંગમ બાગ પાસે રહેતા એક વેપારી સાથે એક મહિલાએ પ્રેમ સંબંધ બાંધી કેટલાક ન્યૂડ ફોટા પાડી લીધા બાદ તે ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ૧ લાખનો સોનાનો હાર પડાવી લેવા અંગે તેમજ વેપારી અને તેના પત્ની તેમજ સંતાનને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે એક મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વધુ માહિતી અનુસાર રણજીત સાગર રોડ પર સંગમ બાગ પાસે રહેતા અલ્પેશભાઈ ચંદુભાઈ વાળા નામના આડત્રીસ વર્ષના વેપારી યુવાને પોતાને સાથે પ્રેમ સંબંધ બાંધ્યા બાદ ફોટા પાડી લઈ પોતાની સાથે ચીટીંગ કરવા અંગે અને સમગ્ર પરિવારને પતાવી દેવાની ધમકી આપવા અંગે જામનગરમાં કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી રેખાબા તેમજ પ્રવીણસિંહ અને મહાવીરસિંહ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર અલ્પેશને આરોપી મહિલાએ પ્રેમજાળમાં ફસાવી લીધા બાદ તેના ન્યુડ ફોટા પાડી લીધા હતા.

જે ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવા અંગે તેમજ અવારનવાર બળજબરીપૂર્વક પૈસાની માંગણી કરી રૂપિયા એક લાખનો સોનાનો હાર પડાવી લીધો હતો.

એટલુ જ નહિ મહિલા સહિતના ત્રણેય આરોપીઓ ફરિયાદી વેપારીના ઘરમાં ઘૂસી આવ્યા હતા, અને પપરિવારજનોને ધાક ધમકી આપ્યા બાદ ઘરમાં રહેલી ઘરવખરીને તોડફોડ કરીને નુકસાની પહોંચાડી હતી, તેમજ ફરિયાદી યુવાનને સમાજમાં હલકા પાડવા માટે કરાયો હતો. સીટી એ. ડિવિઝન પોલીસે મહિલા સહિતના ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# જય દ્વારકાધીશ

## હજારો લોકો માર્ગો પર ચાલી રહ્યા છેઃ આરોગ્યના દ્રષ્ટિ કોણથી પણ સરાહના કરવી પડે



ભારત પરંપરાગત વૈવિધ્યથી ભરપૂર દેશ છે. દરેક પ્રાંતોમાં વિશિષ્ટ પરંપરાઓ છે. પ્રાંતોમાં પણ દરેક સમાજમાં વિશિષ્ટ અને આગવી પરંપરાઓ છે. વિવિધ પરંપરાઓ અંગે અવારનવાર ચર્ચાઓ થાય છે. પોતાને સુધરેલા અને આધુનિક માનતા મોટા ભાગના લોકો પરંપરાઓનો વિરોધ કરતા હોય છે.

નજીકના ભવિષ્યમાં હોળી ધુળેટીનો તહેવાર આવી રહ્યો છે. આ પર્વને ઉજવણી સૌરાષ્ટ્ર ભરમાં ધામધૂમથી થશે સૌથી વધારે જોમવંતી ઉજવણી કરોડો લોકોના આસ્થાના ધામ દ્વારિકા નગરીમાં થનાર છે. આ દિવસે દ્વારકાધીશના સાનિધ્યમાં લાખો લોકો ઉપસ્થિત રહેશે.

દ્વારકાધીશના સાનિધ્યમાં ધુળેટી અંગે સૌરાષ્ટ્ર ગુજરાતમાં વિશિષ્ટ પરંપરા જોડાયેલી છે દૂર દૂરથી ભક્તો ચાલીને દ્વારિકા પહોંચે છે. હાલમાં હજારો લોકો દ્વારિકા તરફ જતા માર્ગે ચાલી રહ્યા છે.

આનંદ ઉત્સાહ અને ભક્તિભાવથી લોકો દોડી રહ્યા છે. જય દ્વારકાધીશના નારાથી ગગન ગુંજી રહ્યા છે. માર્ગો પર અસામાન્ય દ્રશ્યો સર્જાયા છે. આ પરંપરા અંગે ઘણા સુધરેલાઓ કહે છે કે હવે યુગ બદલી ગયો છે. સરળતાથી વાહન ઉપલબ્ધ છે, ચાલીને જવાની જરૂર નથી.

આ દલીલ ખોટી નથી. પણ શ્રદ્ધાભાવ મોજના દ્રષ્ટિકોણથી પણ પરંપરાને ચેક કરવી જોઈએ. ઘણા ભાવિકો એવા હશે કે હેલિકોપ્ટરમાં દ્વારીકા જવા પણ સક્ષમ હશે. પરંતુ શ્રદ્ધા અને આંતરિક, બાહ્ય મોજ તેમને સુવિધામાં આવતા નથી. આ કારણે દોડતા દ્વારિકા પહોંચે છે.

શ્રદ્ધા, ભક્તિ, ભૂલો તો પણ ગુજરાતમાં સરેરાશ ૩૦-૩૫ વર્ષની વય બાદ આરોગ્ય બગડવા લાગે છે. ૪૫-૫૦ વર્ષની વયે તો વિવિધ દુઃખાવા થઈ જાય છે. દ્વારિકાના માર્ગો પર ચાલીને જતા હજારો ભક્તો પર આરોગ્યના દ્રષ્ટિકોણથી નજર કરો. અચંબિત થઈ જશો. બાળકોથી માંડીને વડીલો, મહિલાઓ બધા મોજથી ચાલી રહ્યા છે. વાતાવરણ પણ અનુકૂળ નથી. રાત્રે ઠંડીનો માહોલ થઈ જાય છે અને દિવસે આકરા તાપ પડે છે. આવા પ્રતિકૂળ વાતાવરણમાં પણ ફૂલ એનર્જી સાથે ડામર રોડ પર ધમધોખતા તાપમા ચાલતા રહેવું એ અસામાન્ય નથી ?

ટીકાકારો એ.સી વગર રહી શકતા નથી. દવાના સહારે જીવે છે. બે માળ ચઢવા પણ લિફ્ટ જોઈએ. પગથિયાં ચઢે તો શ્વાસ ચડે છે. તેની સામે દ્વારિકાધીશના ભક્તો માર્ગો પર દોડી રહ્યા છે. શ્રમ કરતા રહેવાની ટેવ પરંપરાના કારણે પડી છે. તેથી તેના આરોગ્ય ટનાટન છે. ''પહેલું સુખ જાતે નર્યા'' ઉક્તિ અહીં સફળ થાય છે.

હજારો લોકો માટે માર્ગો પર ઠેર ઠેર ભોજન, ચા, પાણી, નાસ્તા તૈયાર હોય છે. કોઈ મેનેજમેન્ટ નહીં. નિશ્ચિત સંખ્યા નહીં. અને કોઈ બિલ નહીં. ક્યાંય કંઈ સામગ્રી ઘટતી નથી અને મોજ સતત વધતી જાય છે. આ પરંપરા, આ શ્રદ્ધા જ વંદનીય નથી ?

જોકે દ્વારકાધીશ એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ, ભક્તોના વાણી, વર્તન, વ્યવહાર, જીવન વિષ્ણુ તત્વને શોભે તેવા બની જાય તો બેડો પાર થયો ગણાય.



शतरंज की चालों का खौफ
उन्हें होता है,
जो सियासत करते हैं,
हम तो कर्म के खिलाड़ी है,
ना हार की चिंता न जीत का
अभिमान नीतिमत्ता से कर्म
किए जा फल सामने से आएगा ।।

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# શમીએ એનર્જી ડ્રીંક પીતા મૌલાના કાળઝાળઃ રાજકારણીઓ બન્યા બચાવકર્તા

## મૌલાનાઓએ વિરોધ કરી કહ્યું કે ઈસ્લામમાં રોજાને ફરજ મનાય તે શમી કેમ ભૂલ્યો ?



### ચેમ્પિયન્સ ટ્રોફીમાં શમીનું પ્રદર્શન

**ઈજામાંથી મુક્ત થઈને પરત ફર્યા બાદ શમી ચેમ્પિયન્સ ટ્રોફીમાં બુમરાહની ગેરહાજરીમાં ભારતીય ટીમની ફાસ્ટ બોલિંગનું નેતૃત્વ કરી રહ્યો છે. તેણે હર્ષિત રાણા અને હાર્દિક પંડ્યા સાથે નવા બોલથી બોલિંગ કરી છે. રાણા નવોદિત છે અને પંડ્યા ઓલરાઉન્ડર છે, જે વન ડે મેચમાં સામાન્ય રીતે ૧૦ ઓવરનો સ્પેલ પૂરો કરતો નથી. શમીએ અત્યાર સુધી ટૂર્નામિન્ટમાં આઠ વિકેટ ઝડપી છે. શમીને વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન ઈજા થઈ હતી અને ત્યારથી ટીમ બહાર હતો.**

દુબઈ, તા.૬

ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પહોંચી ચુક્યું છે. સેમિફાઇનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. આ મેચની એક તસવીર હાલ સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ છે. જેમાં તે એનર્જી ડ્રિંક પીતો નજરે પડી રહ્યો છે. જેને લઈ ભારે વિવાદ થયો છે. કારણ કે હાલમાં મુસ્લિમોનો પવિત્ર મહિનો રમઝાન ચાલી રહ્યો છે. આ મહિનામાં મુસ્લિમો રોઝા રાખતા હોય છે. અનેક મૌલાના દ્વારા શમી રોઝા નહીં રાખતાં વિરોધ કરી રહ્યા છે. શમીની આ તસવીરને લઈ રાજકારણ પણ ગરમાયું છે. ભાજપ આ મામલે શમીના બચાવમાં ઉતર્યું છે.

શમીની એનર્જી ડ્રિંક પીતી તસવીર પર ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રાજવીએ નિવેદન બહાર પાડીને કહ્યું, ઈસ્લામમાં રોઝાને એક ફરજ ગણાવવામાં આવી છે. જો કોઈ જાણી જોઈને ન રાખે તો તે ગુનેગાર છે. શમીએ રોઝા નથી રાખ્યા, જ્યારે રોઝા રાખવા તેની નૈતિક ફરજ છે. આમ ન કરવાથી તેણે મોટો ગુનો કર્યો છે. શરીયતની નજરમાં તે ગુનેગાર છે.

આ મુદ્દે ભાજપ પ્રવક્તા રાકેશ ત્રિપાઠીએ કહ્યું, આસ્થા કોઈપણ વ્યકિતનો અંગત મુદ્દો છે. ક્યું વ્રત રાખવું, કેવી રીતે પૂજા કરવી તેઓ ખુદ નક્કી કરશે. રોઝા રાખવા કે નહીં તે વ્યક્તિની અંગત ઈચ્છા પર નિર્ભર કરે છે. ક્રિકેટર દેશ માટે રમી રહ્યો છે તે વાત મૌલાનાથી સહન થતી નથી.

આ મુદ્દે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય રોહિત પવારની પણ પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું, દેશનું પ્રતિનિધિત્વ કરતી વખતે મોહમ્મદ શમીને લાગે છે કે રોઝાના કારણે તેના પ્રદર્શન પર થોડી પણ અસર પડશે કે કંઈ થશે તો ઉંઘી નહીં શકે. તે એક કટ્ટર ભારતીય છે, તેણે ઘણી વખત ટીમને જીત અપાવી છે. રમત ગમતમાં ધર્મને વચ્ચે ન લાવવો જોઈએ. જો તમે આજે કોઈપણ મુસ્લિમ વ્યક્તિને પૂછશો તો કહેશે કે તેમને મોહમ્મદ શમી પર ગર્વ છે.

મોહમ્મદ શમીની આ તસવીરને લઈ સોશિયલ મીડિયા પર ચર્ચા થઈ છે. કેટલાક યુઝર્સ શમીનું સમર્થન કરી રહ્યા છે તો કેટલાક રોઝા રાખવાની વાત કરતી વખતે પહેલા ધર્મને માનવાની સલાહ આપી રહ્યા છે. શમીના ફેંસનું કહેવું છે કે દેશ માટે રમવું સૌથી મોટી વાત છે. કોઈ ખેલાડીએ મેચ દરમિયાન તેમને કેવી રીતે ફિટ અને ફ્રેશ રાખવા તેમનો નિર્ણય છે. આને લઈ કોઈ વિવાદ ન થવો જોઈએ.

# ગલ્ફ-અમેરિકાના દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવ તૂટવાની વકી

મુંબઈ, તા.૬

પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવ ભારતના સામાન્ય નાગરિકના ખિસ્સા પર ખાલી કરી રહ્યા છે, મોટા ભાગના શહેરોમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરની આસપાસ છે. મોંઘવારીના માર વચ્ચે લોકોને ટુંકસમયમાં રાહત મળી શકે છે. અહેવાલ મુજબ ટૂંક સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ આયાતકાર દેશ છે, ગલ્ફના દેશો અને અમેરિકામાં ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થઇ રહ્યો છે, જેને ભારતને ઘણી રાહત મળવાની અપેક્ષા છે.

ગલ્ફ દેશોમાં ક્રૂડ ઓઈલની કિંમત સતત ત્રીજા દિવસે ૭૦ પ્રતિ બેરલ રહી છે. બીજી તરફ, અમેરિકન ક્રૂડ ઓઈલના ભાવ બે દિવસથી ૬૬ પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યા છે. નિષ્ણાતોના મતે, ગલ્ફ દેશોમાંથી ક્રૂડ ઓઈલ ટૂંક સમયમાં ૬૫ પ્રતિ બેરલ અને અમેરિકન ઓઈલ ૬૦ પ્રતિ બેરલના ભાવે મળી શકે છે.

ટ્રમ્પના ટેરિફ પ્લાન અને ડ્રિલ બેબી ડ્રિલ પ્રોગ્રામને કારણે બજારમાં ક્રૂડ ઓઈલની સપ્લાઈ વધી છે. ગલ્ફ દેશોના જૂથ OPEC Plus એ યુએસ ટેરિફના ડરથી ક્રૂડ ઓઈલનો પુરવઠો વધારવાનો નિર્ણય લીધો છે, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

અમેરિકાએ એપ્રિલથી કેટલાક દેશો પર ટેરિફ વધારવાની જાહેરાત કરી છે. એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે ૨ એપ્રિલથી રેસીપ્રોકલ ટેરિફ લાદવામાં આવશે. જેના કારણે રોકાણકારોમાં ડર ફેલાયો છે. જેના કારણે ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.આંતરરાષ્ટ્રીય બજારમાં, ગલ્ફ દેશોનું બ્રેન્ટ ક્રૂડ ઓઈલ બુધવારે ૧.૭૪ ના ઘટાડા સાથે ૬૯.૩૦ પ્રતિ બેરલ પર બંધ થયું. ગુરુવારે તેમાં થોડો વધારો થયો હોવા છતાં, પ્રતિ બેરલ ભાવ ૭૦ ની નીચે રહ્યા છે. આનો અર્થ એ થયો કે બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ સતત ૩ દિવસથી પ્રતિ બેરલ ૭૦ ની નીચે છે. બીજી તરફ, યુએસ વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ક્રૂડ (WTI) બુધવારે ૧.૯૫ અથવા ૨.૮૬ ટકા ઘટીને ૬૬.૩૧ પ્રતિ બેરલ પર બંધ થયું. જ્યારે ગુરુવારે થોડો વધારો જોવા મળી રહ્યો છે.

છેલ્લા બે દિવસોથી, અમેરિકન ક્રુડ ઓઈલ ૬૬ પ્રતિ બેરલના સ્તરે રહ્યું છે. ગલ્ફ દેશોનું ક્રૂડ ઓઈલ ૧૫ જાન્યુઆરીના ઉચ્ચતમ સ્તરથી લગભગ ૧૬ ટકા ઘટ્યું છે. બ્રેન્ટ ઘટીને ૬૮.૩૩ થયો, જે ડિસેમ્બર ૨૦૨૧ પછીનો સૌથી નીચો ભાવ હતો, અને યુએસ ક્રૂડ ફ્યુચર્સ ૬૫.૨૨ પર પહોંચ્યો, જે મે ૨૦૨૩ પછીનો સૌથી નીચો ભાવ છે.

### ભારતને મળશે રાહત!

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લો ઘટાડો માર્ચ ૨૦૨૪માં જોવા મળ્યો હતો. ત્યારબાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો. હવે જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ સતત ઘટી રહ્યા છે, ત્યારે ભારતમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ ઘટે એવી આશા છે.

# સહમતીથી બાંધેલા સંબંધો બાદ મહિલા દુષ્કર્મનો આરોપ ન મૂકી શકે : સુપ્રીમ

## દુષ્કર્મની ફરિયાદો કરતી મહિલાઓને ટકોર કરતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો



નવી દિલ્હી, અવારનવાર એવા સમાચારોમાં વાંચવા મળે છે કે 'લગ્નની લાલચ આપીને મહિલા સાથે બળાત્કાર ગુજારવામાં આવ્યો', ઘણી વખત આવા દાવા પોકળ નીકળતા હોય છે. એવામાં સુપ્રીમ કોર્ટે એક મહત્વની ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે લાંબા સમય સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા પછી સ્ત્રી તેના પુરુષ પાર્ટનર પર બળાત્કારનો આરોપ લગાવી શકે નહીં.

તાજેતરમાં એક બળાત્કારના કેસમાં આ ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે આ વાત કહી હતી. કેસની જાણકારી મુજબ સ્ત્રી અને પુરુષ એક દાયકાથી વધુ સમયથી સાથે હતા, ત્યાર બાદ સ્ત્રીએ પુરુષ પર બાળાત્કારનો આરોપ લગાવ્યો હતો. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આરોપી પુરુષે કરેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. કોર્ટે આ કેસને સંબંધોમાં અણબનાવનો કેસ ગણાવ્યો હતો. ઉપરાંત, અરજદારને ફોજદારી કાર્યવાહીમાંથી રાહત આપવામાં આવી છે.

એક અખબારી એહવાલ મુજબ, સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી પરિસ્થિતિઓમાં એ સ્પષ્ટ થઇ શકે નહીં કે શારીરિક સંબંધ ફક્ત લગ્નના વચનના આધારે બાંધવામાં આવ્યો હતો. વ્યવસાયે લેક્ચરર મહિલાએ આરોપ લગાવ્યો હતો કે આરોપી બેંક અધિકારી તેને લગ્નનું વચન આપ્યું હતું, જેના કારણે તે આરોપી ૧૬ વર્ષથી સંબંધમાં હતી.

કોર્ટે મહિલાની અરજી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. રિપોર્ટ અનુસાર, કોર્ટે કહ્યું કે તે બંને શિક્ષિત હતા અને આ સંબંધ સંમતિથી હતો કારણ કે તેઓ અલગ અલગ શહેરોમાં રહેતા હોવા છતાં એકબીજાના ઘરે જતા હતા. કોર્ટે કહ્યું કે આ સ્પષ્ટપણે સંબંધોમાં અણબનાવનો મામલો છે.

અખબારી અહેવાલ અનુસાર, બેન્ચે કહ્યું, 'એ માનવું મુશ્કેલ છે કે ફરિયાદી લગભગ ૧૬ વર્ષથી અપીલકર્તાનો વિરોધ કર્યો નહીં અને અપીલકર્તા લગ્નના ખોટા વચનના આધારે તેનું જાતીય શોષણ કરી રહ્યો હતો. ૧૬ વર્ષ લાંબો સમયગાળો છે, જે દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ વિના ચાલુ રહ્યો. આનાથી એ સાબિત થાય છે કે તેમના સંબંધમાં ક્યારેય કોઈ બળજબરી કે છેતરપિંડી નહોતી.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

### સમાજ દર્શન

# માત્ર રૂપથી નહીં પણ સ્વરૂપથી પણ જે સૌમ્ય હોય એને જ સ્ત્રી કહેવાય!



આવતીકાલે ૮ માર્ચ છે અને આ દિવસને મહિલા દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે, અને આપણે ચિંતનમાં વીમન્સ ડે અંતર્ગત વાત કરી રહ્યા છીએ ત્યારે વિશ્વમાં પ્રવર્તતી અશાંતિ કે ક્રાઈમ માટે ક્યાંક કોઈ ને કોઈ રુપે પોતે તો જવાબદાર નથી ને? હાલની પરિસ્થિતિ જોતા એ પ્રશ્ન પણ વિચારવા જેવો ખરો. હકીકતમાં આજે પ્રવર્તમાન સમાજમાં દેખાતું સ્ત્રીનું રૂપ આ બધા લેખ સાથે એટલું સામ્યતા ધરાવતું નથી, કોઈ કોઈ સમાજ કે પછી સંપ્રદાયમાં સ્ત્રીના અસ્તિત્વને હજી સ્વીકારાયુ ન્હોય પણ એ અપવાદ છે. એટલે કે સમાજની મોટાભાગની મહિલાઓ આજે ઘણી આગળ નીકળી ગઈ છે, તેની સાથે આવાં વ્યવહારો થતાં નથી, કારણ કે સમાજે ઉદારતાથી ઘણું બધું સ્વીકારી લીધું છે. આજની સ્ત્રીઓ માટે શું ઉપમા આપી શકાય! શું ખરેખર આજે સ્ત્રી હવે અમુક ચોક્કસ પ્રકારના સન્માનની અધિકારી રહી છે ખરી? શું મારી જેમ એ સવાલ સૌના મનમાં નથી ઉદ્ભવતો?

સર્વપ્રથમ તો મહિલા કહો, સ્ત્રી કહો, નારી કહો, એ કોને કહેવાય! શું માત્ર શરીર રચનાથી કોઈ સ્ત્રી હોય, તો તેને આ સન્માન મળી શકે ખરું?ઃ એટલે સર્વપ્રથમ તો પ્રવર્તમાન સમાજમાં આજે સ્ત્રીઓને સફળતાનો એક એવો નશો ચડ્યો છે, કે પહેલા દસ-વીસ ટકા સ્ત્રીઓ જ આ પ્રકારનું જીવન જીવતી હતી, અને એની માટેનો એક ખાસ શબ્દ હતો કે ''ભાઈડા'' જેવી છે, ત્યારે એ શબ્દ માત્ર બાહ્ય દેખાવને કારણે ઉચ્ચારાતો, જ્યારે આજે સ્વરૂપ સૌમ્ય હોય પણ..... અને એ રીતે જોઈએ તો એ રેસીયો વધી ગયો છે, જે ખતરાથી ખાલી નથી. એની માટે ઘણી બધી વસ્તુઓ જવાબદાર છે, અને ક્યાંક ને ક્યાંક સમાજમાં સ્ત્રીને વધુ પડતી સતાવી હોવાનું પણ આ પરિણામ છે, એમાં પણ કોઈ બે મત નથી. સ્ત્રી પોતાના પરિવારથી ખુશ હતી, તેને માત્ર લાગણી અને હુંફની જરૂર હતી, એને પણ માનવ સમજવાની જરૂર હતી. પરંતુ કોઈએ એટલી તેની કદર કરી નહીં, અને તેણે પોતાના અધિકાર માટે ઘરની બહાર નીકળવું પડ્યું. એની ઈચ્છાનું કોઈ મોલ નહોતું ! ૧૮ થી ૧૯ મી સદીનો એ દાયકો બહુ ખરાબ રહ્યો, કે જ્યાં સ્ત્રીને બહુ જ સતાવવામાં આવી. શિક્ષણનો વ્યાપ વધતાં સ્ત્રી એ પોતાની સફળતા દેખાડવાનું શરૂ કર્યું, અને આજે દરેક ક્ષેત્રમાં સ્ત્રીએ સફળતા ને સિદ્ધી પ્રાપ્ત કરી છે,એમાં કોઈ બેમત નથી. પરંતુ આ સફળતાનો નશો તેને નડી ગયો. આમ પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા નીકળેલી સ્ત્રી સફળતાના આ નશામાં પોતાની સૌમ્યતા ધીરે ધીરે ભૂલતી ગઈ, અને પશ્ચિમની સંસ્કૃતિથી અભડાતી ગઈ,અને સ્ત્રી સમોવડીનાં એક વિચારને કારણે પહેરવેશથી માંડીને બધું જ એણે બદલી નાખ્યું. એટલે સ્થૂળ દેહની રીતે જ હવે તે સ્ત્રી રહી, સૂક્ષ્મ શરીર એટલે કે સંવેદનાની ધરોહર, મમતાની મૂરત, લાગણીનો દરિયો,આ બધાં જે તેના આંતરિક ગુણને કારણે ઉપનામ મળ્યા હતાં તે હવે જોઈએ તેટલાં પ્રમાણમાં જોવા મળતાં નથી.

મનોરંજન તરીકે સ્વીકારવામાં આવેલું ટેલિવિઝન અને સિનેમા પણ આમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એટલે કે ડેઈલી શોપમાં દેખાડવામાં આવતી સિરિયલોમાં મોટેભાગે ષડયંત્ર અને કાવાદાવા જ હોય છે, અથવા વધુ પડતાં આદર્શો બતાવે છે, જે આજની પેઢી અનુસરે નહીં તો ઘરના વડીલોને એમ થાય કે મારી વહુ સારી નથી. ઉપરાંત એક પત્નીનો આપણે ત્યાં કાયદો હોવા છતાં સિરિયલ કે ફિલ્મમાં પરિવારના નાયકને બે-ત્રણ સ્ત્રી સાથે સંબંધ દેખાડવામાં આવે છે. અનૈતિકતાઓના પાયા પર જ જ્યારે મનોરંજન પીરસાતું હોય, ત્યાં એમાંથી સારા ગુણ કઈ રીતે ગ્રહણ કરી શકાય! સિનેમાની વાત કરીએ તો એમાં તો હજી પણ ધૂમ્રપાન અને દારૂ નિષેધનો સંદેશો હોય છે. પરંતુ સીરીયલમાં તો બેફામ દારૂની મેહફીલ દેખાડવામાં આવે છે, અને યુવતીઓ તેમજ સ્ત્રીઓ પણ કોઈપણ પ્રકારના છોછ વગર દારૂ પીતી દેખાડવામાં આવે છે, સિગરેટ પીતી દેખાડવામાં આવે છે, અડધા ઉઘાડા અંગો દેખાતા પોશાકો પહેરેલી દેખાડવામાં આવે છે. આ બધું જોઈને કોણ સારા ગુણ ગ્રહણ કરી શકે! કોણ સૌમ્ય રહી શકે! નાદાન ઉંમરની કિશોરીઓ આ પ્રકારના વર્તનથી કે આવું જીવવાથી આનંદ મળી શકે, એવું વિચારી એ ખાઈમાં પડતી હોય છે.

પરિવર્તનના નામે સ્ત્રીઓએ ઘણું ઘણું ન અપનાવવા જેવું અપનાવ્યું, અને પછી તેની સાથે દુર્વ્યવહાર થાય તો એની માટે જવાબદાર સમાજને ઠેરવવો કે પુરુષને ઠેરવવો એ કેટલે અંશે વ્યાજબી છે? એટલે આવું થવું જોઈએ, અથવા તો આવું થાય છે તે વ્યાજબી છે, એવું કહેવાનું કોઈ મતલબ કે તાત્પર્ય નથી, જે ઘટનાઓ ઘટે છે તે વખોડવા લાયક જ છે. સમાજમાં સ્ત્રીઓ સાથે આવા દૂર વ્યવહારો થવા ન જોઇએ, બળાત્કારની ઘટના ઘટવી જ ન જ જોઈએ. પરંતુ એની માટે થઈને હવે માત્ર સમાજ કે પુરુષને દોષ દેવો એ કેટલે અંશે યોગ્ય છે? એ પણ વિચારવાનો સમય આવી ગયો છે, કારણ કે આ ઘટના અટકવાનું નામ લેતી નથી, ત્યારે સ્ત્રીએ પોતાની ભૂલો તરફ પણ હવે વિચારવું પડશે. ક્યાં સુધી અન્ય પર આક્ષેપો નાખીને આપણે બચતા રહીશું!

ફિલ્મ કે સિરિયલ જોઈને પુરુષ સમોવડીનો નારો લઈને નીકળેલી સ્ત્રી આજે ઉદ્ધત, સ્વચ્છંદ, સ્વતંત્ર, નિર્દય,અને હિંસક એ બધા લક્ષણો ધરાવતી થઈ ગઈ છે, અને તેના મૂળ સ્વભાવગત સંસ્કારો છૂટતા જાય છે. એની માટેના ઘણાં કારણો છે. આપણે જોયું તેમ અન્ન તેવો ઓડકાર એ રીતે તેની ખાણીપીણી બદલાઈ ગઈ છે, વ્યાસનો પણ કરવા લાગી છે, ગાલીગલોચ પણ સીરીયલો કે ફિલ્મનું જોઈને શીખતી જાય છે. ટૂંકમાં કહીએ તો બીભત્સ રસની પ્રેરક થતી જાય છે, અને એને કારણે તેની સૌમ્યતા ખંડિત થતી જાય છે. હજી આ તરફ ધ્યાન દેવામાં નહીં, આવે તો આ રેશિયો વધતો જશે.

સમાજમાં આનુ પરિણામ દેખાવાનું શરૂ થઈ ગયું છે, એટલે કે પરિવારો તૂટતાં જાય છે, સંયુક્ત કુટુંબ તો હવે બચ્યા જ નથી! છૂટાછેડાનું પ્રમાણ ઘણું વધી ગયું છે! મનોચિકિત્સકની સંખ્યા પણ વધી છે,અને એનાં ક્લિનિક પણ હવે કાયમ ભરેલા રહે છે. આ ઉપરાંત સ્ત્રીઓની કામુકતા પણ વધતી ગઈ છે, અને એને કારણે લગ્નેતર સંબંધો પણ ખુબ જોવા મળે છે. સ્ત્રીઓને પણ પોતાની લાગણી પ્રદર્શીત કરવાનો હક છે, વગેરે વગેરે વાતો કરી અને લિવ ઇન રિલેશનશિપના કે લેસ્બિયન ના કિસ્સાઓ પણ વધતાં જોવા મળે છે, જેને કારણે લગ્ન સંસ્થા સામે ભય ઉભો થઇ ગયો છે. એટલે કે અનૈતિકતાનાં કરાર સમાજમાં હવે બહુ આસાનીથી થતા દેખાય છે, અને આ બધાં માટે સ્ત્રી જ જવાબદાર છે, એવું કહેવાનું તાત્પર્ય બિલકુલ નથી. પરંતુ મોટાભાગની સ્ત્રી હવે સૌમ્ય નથી રહી, વિદ્રોહી બની છે,જે ખતરનાક છે.

સ્ત્રી પુરુષ બંને એકબીજાનાં પૂરક હોવાથી સુંદર સ્ત્રીને જોઈને પુરુષના મનમાં ભાવ ઉત્પન્ન થાય, એ બહુ સહજ છે, અને ભાવ એટલે કે પ્રેમનો ભાવ. પરંતુ હવે સ્ત્રીને જોઈને મોટેભાગે પુરુષોના મનમાં તેને ભોગવવાનો ભાવ જાગે છે, બસ એટલું અંતર પહેલાની અને અત્યારની સ્ત્રીમાં આવી ગયું છે, અને એને કારણે સમાજમાં ઠેર ઠેર બળાત્કારની ઘટનાઓ ઘટે છે, એ સમજવાની હવે જરૂર છે. વિશ્વની મહિલાઓને આજે મહિલા દિવસે આ તરફ અંગુલિનિર્દેશ કરીને માત્ર એટલું જ કહેવાનું તાત્પર્ય છે, કે જો છાશવારે થતી બળાત્કારની ઘટનાથી બચવું હશે, તો હવે અન્ય પર આક્ષેપ નાખ્યાં વગર આપણી તરફ પણ વિચારવું પડશે. સ્ત્રીનાં એ સૌમ્ય ભાવને પાછો લાવવાની કોશિશ પણ કરવી પડશે, નહીતો સ્ત્રીનું અસ્તિત્વ કાયમ આ રીતે જોખમી પુરવાર થશે, અને તેની સાથે ગમે ત્યારે, ગમે તે થઈ શકે એનો ડર તેને સતત રહેશે.

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સૌ કોઈ આ મુદ્દે વિચારે, અને માતાથી શરૂ કરી પુત્રી કે પૌત્રી બધાનું પોતાના મૂળ સ્વભાવ એટલે સંવેદનાની ધરોહર, મમતાની મૂરત, લાગણીનો દરિયો, સમર્પણની પ્રતિકૃતિ અને સ્નેહનો પડઘો, પ્રેમની પરંપરા, આંગણાનો દીવો, આ બધાં જ ગુણોને કેળવીને સુલક્ષણા બનવા તરફ અગ્રેસર બનવું અનિવાર્ય છે. જય હિન્દ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

એ ભાઇ જરા દેખ કે ચલો આગે ભી નહિ પીછે ભીઃ અકસ્માતના બનાવોની હારમાળાઃ પરિવારોએ ગુમાવ્યા સ્વજનો-શોકની કાલીમા

# વાહન અકસ્માતની ઘાત નડી જતાં ૪ લોકોની જિંદગી ખતમ

## પડધરીથી ધો-૧૦માં ભણતી પૌત્રીને પેપર પુરૂ થયે તેડીને દહીંસરા જતાં દાદાને અજાણ્યો બાઇક ચાલક ઠોકરે લઇ ભાગી ગયો દાદનું મોતઃ અમરેલી પાસે માટલાના ધંધાર્થી યુવાનનો ઇકોની ઠોકરે જીવ ગયોઃ ખડીયા પાસે બાઇક સાથે બાઇક અથડાતાં પ્રૌઢનું મોતઃ રાજકોટમાં સીટી બેસે લીધો યુવાનનો ભોગ

રાજકોટઃ વાહન અકસ્માતની ઘટનાઓમાં રોજ કોઇને કોઇ પરિવારના સદસ્ય, મોભી, વ્હાલસોયા કે વ્હાલસોયીના જીવ જાય છે. આવા વધુ ચાર બનાવ બન્યા છે. જેમાં હિટ એન્ડ રનની બે ઘટનામાં એક વૃધ્ધ, એક યુવાનના મૃત્યુ થયા છે. તો બીજી તરફ બાઇક અકસ્માતમાં એક પ્રૌઢ અને સીટી બસની ઠોકરે એક યુવાનનો જીવ ગયો છે. આ બનાવો પડધરી, જુનાગઢ પાસે, અમરેલી પાસે અને રાજકોટ શહેરમાં બન્યા હતાં. તમામના મૃત્યુ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં નિપજ્યા હતાં. જેમાં પડધરી પંથકના વૃધ્ધ તો દસમા બોર્ડમાં ભણતી પૌત્રીને પરિક્ષા પુરી થતાં મોટરસાઇકલમાં બેસાડી ઘરે જતાં હતાં ત્યારે અકસ્માતનો ભોગ બન્યા હતાં. તેની પૌત્રીનો ઇજા સાથે બચાવ થયો હતો.





વિગતો પર નજર કરીએ તો પડધરીના દહીંસરા ગામે રહેતાં બાંસઠ વર્ષના સવજીભાઇ કાળાભાઇ ચાવડા બપોરે એકાદ વાગ્યે પડધરી સ્કૂલમાં તેની પૌત્રી જીજ્ઞાશા ધોરણ-૧૦ બોર્ડની પરિક્ષા આપી રહી હોઇ તેણીને તેડવા માટે ગયા હતાં. પૌત્રી પેપર પુરુ કરી બહાર આવતાં તેણીને બાઇકમાં બેસાડી તેઓ દહીંસરા જવા રવાના થયા હતાં. દરમિયાન પડધરીમાં મેલડી માતાજીના મંદિર પાસે દાદા-પૌત્રી પહોંચ્યા તે વખતે અજાણ્યા બાઇકનો ચાલક અકસ્માત સર્જી ભાગી જતાં દાદા-પૌત્રી બંને ફેંકાઇ જતાં ઇજાઓ થઇ હતી. પૌત્રીનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. દાદા સવજીભાઇને ગંભીર ઇજા પહોંચી હોઇ પડધરી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થયું હતું. મૃતક સવજીભાઇ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં બીજા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પોતે છુટક કામ કરતાં હતાં.

હિટ એન્ડ રનનો બીજો બનાવ અમરેલી પાસે બન્યો હતો. જેમાં માટલાના ધંધાર્થી માણેકવાડાના યુવાનનું મોત નિપજ્યું હતું. યુવાન અમરેલીથી કરિયાણુ ખરીદી બાઇક પર પરત માણેકવાડા જતી વખતે આ બનાવ બન્યો હતો. યુવાનને સારવાર માટે રાજકોટ ખસેડાયેલ પરંતુ અહિ દમ તોડી દીધો હતો. માણકેવાડામાં રહેતો પાંત્રીસ વર્ષનો હિતેષભાઇ વલ્લભભાઇ ટાંક સાંજે આઠેક વાગ્યે બાઇક હંકારી અમરેલીથી માણેકવાડા તરફ જઇ રહ્યો હતો ત્યારે અમરેલી શ્યામનગર પાસે ઇકો કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો.

હિતેષભાઇને ગંભીર ઇજા થતાં હિતેષભાઇને અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ આજે સવારે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર હિતેષભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. તે માટલા વેંચી ગુજરાન ચલાવતો હતો. સંતાનમાં બે પુત્ર છે. અમરેલી કરીયાણુ લેવા ગયેલ અને ત્યાંથી પરત ઘરે આવતી વખતે આ બનાવ બન્યો હતો.

જીવલેણ અકસ્માતના ત્રીજા બનાવમાં જુનાગઢ તાબેના ખાડીયા ગામ પાસે બાઇક અકસ્માતમાં ગંભીર ઇજા થતાં ચોરવાડીયા ગામના ખેડૂતનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. પચાસ વર્ષના ભીમાભાઇ ભીખુભાઇ માથુકીયા પોતાનું મોટરસાઇકલ હંકારી ખાડીયા ગામેથી ચોરવાડીયા ગામ તરફ આવી રહ્યા હતાં ત્યારે રસ્તામાં સોમનાથ પંપ નજીક અજાણ્યા મોટરસાઇકલ સાથે અકસ્માત સર્જાતા ગંભીર ઇજા પહોંચી હતી. ભીમાભાઇને જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ આજે સવારે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

ભીમાભાઇ ત્રણ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. ખડીયા ગામે હટાણુ કરવા ગયા હતાં ત્યાંથી પરત આવતી વખતે બનાવ બન્યો હતો.

ચોથા બનાવમાં રાજકોટ કેકેવી ચોક નજીક કેબલની ઓફિસમાં નોકરી કરતો મુળ રાજસ્થાનનો ઓગણીસ વર્ષનો દુર્ગેશ હેમરાજભાઇ મીણા સવારે સાઇકલ હંકારીને જતો હતો ત્યારે કાલાવડ રોડ કણસાગરા કોલેજ નજીક સીટી બસના ચાલકે ઉલાળી દેતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન સાંજે તેનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર દુર્ગેશ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. તેના પિતા હોટલમાં કામ કરે છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ માલવીયાનગર પોલીસમાં કરતાં પીએસઆઇ આર. આર. કોઠીયાએ મૃતકના પિતા હેમરાજભાઇ નારાયણભાઇ મીણાની ફરિયાદ પરથી સીટી બસ જીજે૦૩બીઝેડ-૫૯૭૦ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આ ચારેય બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇએ જે તે પોલીસ સ્ટેશનોમાં કરી હતી. આ ઘટનાઓને કારણે મૃતકોના પરિવારજનોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

# ભારતમાં પાંચ વર્ષમાં ૬ ટકા વધીને કુબેરપતિઓ થયા ૮૫,૬૯૮

## ૨૦૨૮ સુધીમાં આ સંખ્યા વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા વ્યક્ત કરતો રીપોર્ટ જાહેર

મુંબઇ, તા.૬

ભારતના અર્થતંત્રનું કદ વધી રહ્યું છે, આ સાથે ભારતમાં ધનિકોની સંખ્યા ખુબ ઝડપથી વધી રહી છે. તાજેતરમાં જ વૈશ્વિક રિયલ એસ્ટેટ કન્સલ્ટન્સી ફર્મ નાઇટ ફ્રેન્ક દ્વારા 'ધ વેલ્થ રિપોર્ટ-૨૦૨૫'માં જાહેર કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ દેશમાં ૧૦ મિલિયન ડોલર (લગભગ ૮૭ કરોડ રૂપિયા) થી વધુ સંપત્તિ ધરાવતા ભારતીયોની સંખ્યા ગયા વર્ષે છ ટકા વધીને ૮૫,૬૯૮ થઇ ગઈ છે, આ ઉપરાંત ભારતમાં હવે ૧૯૧ અબજોપતિઓ છે.

રિપોર્ટ અનુસાર, ભારતમાં હાઈ નેટ-વર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (HNWIs) ની સંખ્યા ૨૦૨૩ માં ૮૦,૬૮૬ હતી જે વધીને ૨૦૨૪ માં ૮૫,૬૯૮ થઇ હતી.

કંપનીએ જણાવ્યું હતું કે ૨૦૨૮ સુધીમાં આ સંખ્યા વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા છે. આ દર્શાવે છે કે ભારતમાં ધનિક લોકોની સંખ્યા વધી રહી છે.

અબજોપતિઓની સંખ્યામાં ૨૭ ગણી વધીઃ

અહેવાલ મુજબ ભારતમાં અબજોપતિઓની સંખ્યા પણ વધી રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું કે હાલમાં ભારતમાં ૧૯૧ અબજોપતિ છે. ૨૬ લોકો ગત વર્ષે જ આ યાદીમાં ઉમેરાયા હતાં. ૨૦૧૯ માં આ સંખ્યા માત્ર સાત હતી, એટલે કે ૫ વર્ષમાં અબજોપતિઓની સંખ્યામાં ૨૭ ગણાથી વધુનો વધારો થયો છે.

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના પદાધિકારીએ જણાવ્યું હતું કે ભારતમાં વધતી સંપત્તિ તેની આર્થિક શક્તિ અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાને દર્શાવે છે. દેશમાં વધતી જતી એન્ટરપ્રેન્યોરશીપ, ગ્લોબલ ઈન્ટ્રીગેશન અને વિકસતા ઉદ્યોગો સાથે ઉચ્ચ નેટવર્થ ધરાવતા વ્યક્તિઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

# ભાયાવદરના યુવાનને વ્યાજખોર બાપ-દીકરાનો ત્રાસ

## ૫.૫૦ લાખનું ૭.૨૦ લાખ વ્યાજ ચૂકવી દીધું છતાં વધુ રકમની પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની આપી ધમકી

રાજકોટ મિરર તા.૬

ભાયાવદરના ગંજીવાડા શેરી નંબર-૨ ઉપલેટામાં રહેતા ગિરીશભાઈ મોહનભાઈ કાસુન્દ્રા એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે દોઢ વર્ષ પહેલા જરૂરિયાત ઊભી થતા ખાખીજાળીયા ગામના નટુભાઈ કરમૂર પાસેથી ૫,૫૦,૦૦૦ વ્યાજે લીધેલા હતા. જેમાં ૪,૦૦,૦૦૦ પુરા આપ્યા બાદ બાકી ના ૧.૫ લાખ રૂપિયા પંદર દિવસ બાદ આપ્યા હતા. આમ મળી ને કુલ ૫.૫ લાખ રૂપિયા વ્યાજે લીધેલા હતા. જેમાં ૪ લાખ રૂપિયા ૭% લેખે અને ૧.૫ લાખ ૮% ના લેખે આપેલા હતા. આ રૂપિયા તેમને નટુભાઈની દૂધની ડેરી ભાયાવદર બસ સ્ટેશન પાસે ભગવતી ડેરી નામની દૂધની ડેરી પાસે આપ્યા હતા.

વ્યાજના રૂપિયા આપ્યા ત્યારે નટુભાઈનો દીકરો મેરામણભાઈ નટુભાઈ કરમૂર હાજર હતો. ચાર લાખ રૂપિયાનું વ્યાજ ૨૮૦૦૦ અને ૧.૫ લાખ રૂપિયાનું માસિક વ્યાજ ૧૨૦૦૦ ચૂકવતા હતા અને હાલ તેઓએ નટુભાઈને રૂપિયા ૭.૨૦ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવાનું જણાવ્યું હતું અને આ મુદ્દલ અને વ્યાજની રકમ વધારે આપી દીધા છતાં પણ માંગણી કરતા થોડા દિવસમાં રૂપિયા આપી દઈશ હોવાનું જણાવ્યું હતું છતાં પણ આ બંને વ્યાજ અને મુદ્દલ રકમની પઠાણી ઉઘરાણી કરીને મારી નાખવાની ધમકી આપતા નટુભાઈ અને તેમના દિકરા મેરામણ (રહે.બંને ખાખીજાળીયા ગામ) સામે ફરિયાદ કરતા પોલીસે ગુન્હો નોંધી બંનેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

છેતરપીંડીના બનાવો તો અનેક સામે આવ્યા પણ રાજકોટમાં આ કિસ્સાએ જગાવી દીધી ભારે ચર્ચા

# શિક્ષકે બે શિક્ષીકાને લગાવ્યો ૧ કરોડનો ચૂનોઃ મકાનમાં પણ કર્યો કબ્જો!

## દેરડીકુંભાજી રહેતાં શિક્ષીકાની મુળ કેશોદ રેવદ્રાના શિક્ષક વિરૂધ્ધ તાલુકા પોલીસમાં ફરિયાદઃ સત્તર વર્ષથી ઓળખાણ હોઇ રામદે કછોટ ઉછીના પેટે એક કરોડ લઇ ગયોઃ રાજકોટમાં રોકાણના નામે શિક્ષકા બહેનોને મકાન લેવડાવી બાદમાં તેમાં પોતે તાળા તોડી ઘુસી ગયાનો આરોપી

રાજકોટઃ છેતરપીંડીના બનાવો રોજ બનતા રહે છે. રાજકોટ શહેરમાં એક વિચારતા કરી મુકે તેવી ફ્રોડની ઘટના સામે આવી છે જેમાં બે શિક્ષીકા બહેનોને એક શિક્ષકે જ છેતરી લઇ એક કરોડનો ચૂનો લગાવી દઇ માથે જતાં આ બહેનોના મકાનના તાળા તોડી તેમાં પણ કબ્જો જમાવી ખોટી સહીઓ કરી આ મકાનના લાઇટ બીલ, વેરા બીલ પોતાના નામે કરી લીધા છે. આ શિક્ષકે સત્તર વર્ષના જુના સંબંધનો ગેરફાયદો ઉઠાવી શિક્ષીકા બહેનો સાથે ઠગાઇ આચર્યાનો આરોપ મુકાયો છે.

ચર્ચા જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગોંડલના દેરડી કુંભાજી ખાતે રહેતાં અને શિક્ષીકા તરીકે ફરજ બજાવતાં છેતાલીસ વર્ષના નિર્મળાબેન રવજીભાઇ ગોળની ફરિયાદ પરથી કેશોદના રેવદ્રા ગામના મુળ વતની અને હાલ રાજકોટ નાના મવા રોડ જીવરાજ પાર્ક મેઇન રોડ શ્રીરંગ રેસીડેન્સી બ્લોક નં. ૩૮માં રહેતાં શિક્ષક રામદે માલદેભાઇ કછોટ વિરૂધ્ધ એક કરોડની છેતરપીંડીની એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી છે. નિર્મળાબેન કછોટે જણાવ્યું છે કે હું શિક્ષીકા તરીકે નોકરી કરુ છું અને દેરડી કુંભાજી મારા માતા લીલાવંતીબેન, બહેન અનીલાબેન સાથે રહુ છું. અમે ત્રણ બહેનો છીએ, મારે ભાઇ નથી. મારા મોટા બહેન સરોજબેન જેતપુરના મેવાસા ગામે માધ્યમીક શિક્ષક તરીકે નોકરી કરે છે અને મેવાસા ગામે જ રહે છે. તેનાથી નાના અનીલાબેન અમારી સાથે રહે છે અને ઘરકામ કરે છે. અમે ત્રણેય બહેનો અપરિણીત છીએ.



નિર્મળાબેને આગળ જણાવ્યું છે કે હું રામદે કછોટને છેલ્લા ૧૭ વર્ષથી ઓળખુ છું. તે હાલ ગોંડલની સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે. મારા બહેન સરોજબેન જે ગોંડલ નુતન કન્યા વિદ્યાલયમાં નોકરી કરતાં હોઇ જેથી મારા બહેન પાસે હું જતીત્યારે રામદે મને ત્યાં મળેલ હોઇ તેની સાથે પરીચય થયો હતો. રામદેએ મને અને મારા મોટા બહેન સરોજબેનને વિશ્વાસમાં લીધા હતાં અને તેને જ્યારે જરૂર પડે ત્યારે અમારી પાસેથી રૂપિયા કટકે કટકે ઉછીના લઇ જતો હતો. ત્રણ મહિનામાં પાછા આપવાની તે ખાત્રી આપતો હતો. આ રીતે તે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૨ સુધીના વર્ષમાં અમારી પાસેથી કુલ રૂા. ૧,૦૭,૨૫,૦૦૦ લઇ ગયેલ હતો. આ રકમ પૈકી રૂા. ૬૦,૭૫,૦૦૦ મેં અને મારા પરિવારના સભ્યોના બેંક એકાઉન્ટ મારફત આપી હતી તેમજ રામદેના વાઇફના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હતી. બાકીની રકમ રોકડેથી આપી હતી. વર્ષ ૨૦૨૨માં મારા બહેન અને મને વિશ્વાસમાં લઇ રોકાણ કરવા માટે એક મકાન સારુ છે તેમ કહી શ્રીરંગ રેસીડેન્સી નાના મવા રોડ ખાતે એક મકાન એમ-૩૮ લેવડાવ્યું હતું.

આ મકાન અમારા નામે છે અને પંજાબ નેશનલ ફાયનાન્સ બેંકમાં અમારા નામે લોન પણ કારવી હતી. તેનો મહિને રૂા. ૩૧૨૮૦નો હપ્તો આવે છે જે અમારા બેંક ખાતામાંથી કપાત થાય છે. અમે જે લોન લીધી હતી તેમાંથી રૂા. ૭ લાખ રોકડા ઉપાડી તા. ૨૮/૪/૨૪ના રોજ રમાદે કછોટને હાથ ઉછીના આપ્યા હતાં. તેની સામે તે અમારી લોનનો જે હપ્તો આવે તે ભરતાં હતાં. આ રીતે અમારી હોમ લોનમાં તેણે આજ સુધી ૭ લાખ ભર્યા છે. હાલમાં અમે રામદેને ૧ કરોડ ઉછીના આપ્યા હોઇ તેની જરૂર પડતાં અમે અમારા રૂપિયા પાછા માંગતા તેણે ગલ્લા તલ્લા કરી તારીખો આપવાનું ચાલુ કર્યુ હતું. અમારે ખુબ જરૂર હોઇ આજીજી કરતાં તેણે અમને રાજકોટમાં સારી જગ્યાએ રોકાણ કરીએ તો સારુ વળસતર મળશે તેમ કહી અમને રૂપિયા પાછા આપ્યા નહોતા. અમે સતત ઉઘરાણી કરતાં તેણે મારા બહેન સરોજબેનના નામે પ્રોમીસરી નોટ લખી આપી હતી અને ૧ કરોડના ૪ ચેક આપ્યા હતાં. પરંતુ આ ચેક અમે બેંકમાં નાખતા તે બાઉન્સ થતાં અમે નેગોશીએબલ કેસ કર્યો હતો જે હાલ કોર્ટમાં ચાલુ છે.

આજથી સાતેક મહિના અગાઉ રાજકોટના અમારા મકાનનું કામ ચાલુ હતુ તે પુરુ થયું ત્યારે અમે તાળુ મારી દીધુ હતું. બે મહિના પછી અમે રાજકોટના મકાને આટો મારવા આવતાં તાળુ તૂટેલુ હતું અને રામદે કછોટ આ અમારા મકાનમાં તેના પરિવાર સાથે રહેવા લાગ્યો હોવાનું જાણવા મળ્યું હતું. અમે રામદે કછોટને આ બાબતે પુછતાં તેણે અમને ધમકી આપી કહેલું કે આ મકાન તો મારુ છે. આ પછી અમે તપાસ કરતાં ખબર પડી હતી કે રામદેએ અમારુ મકાન પચાવી પાડવા પોતાનો માલિકી હક્ક ઉભો કરવા આ મકાનના લાઇટ બીલ અને વેરા બીલ અમારી ખોટી સસહી કરી પીજીવીસીએલ તથા મહાનગર પાલિકામાં રજુ કરી નામ ટ્રાન્સફર કરાવી પોતાના નામે બીલ અને વેરા કરાવી લીધા હતાં. આ રીતે રામદે કછોટે અમારી સાથે છેતરપીંડી કરી અમારા એક કરોડ રૂપિયા પરત નહિ આપી અમારુ મકાન પણ પચાવી લીધુ હોઇ ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ. એચ. મહારાજે ગુનો નોંધી આરોપીને સાણસામાં લેવા તજવીજ આરંભી છે.

રૈયા રોડ આલાપ ગ્રીન સીટી પાસેના ખરાબામાં સુકા ખડનો વિશાળ જથ્થો બે શખ્સોએ બેદરકારી પુર્વક સળગાવતાં નજીકના કોમ્પ્લેક્ષમાં આગ પ્રસરી જતાં નાસભાગ

# ગંભીર બેદરકારીના કારણે શો રૂમ-ઓફિસ આગમાં ભસ્મીભૂત





**ઇલેક્ટ્રોનીક્સના શો રૂમમાં દસ લાખની નુકસાનીઃ ઉપર છઠ્ઠા માળે પણ ઓફિસમાં આગને લીધે કાચ કુટ્યાઃ એન્જિનીયરને પગમાં કાચ લાગ્યાઃ યુનિવર્સિટી પોલીસે બે શખ્સ વિરૂધ્ધ દાખલ કરી એફઆઈઆર**

રાજકોટઃ કેટલાક લોકો જાણી જોઈને બેદરકારી આચરતાં હોય છે તેના કારણે ક્યારેક પોતે ફસાઈ જતાં હોય છે તો ક્યારેક બીજા માટે તે ત્રાસરૂપ બની જતાં હોય છે. આવી જ એક ઘટના રૈયા રોડ તુલસી સુપર માર્કેટની સામે આલાપ ગ્રીન સીટીની બાજુમાં બની છે. અહિ આવેલા વિશાળ ખરાબાની જગ્યામાં મોટા સુકા ઘાંસનો જથ્થો હોઈ તે નજીકમાં જ રહેતાં બે શખ્સોએ સળગાવતાં તેમાંથી તણખા ઉડી આ ખરાબાને અડીને જ આવેલા શ્રી હરિ એમ્પાયર કોમ્પલેક્ષના પાંચમા માળે આવેલા શો રૂમના પાછળના ભાગે આગ ભભુકતાં અને શો રૂમ અંદર પણ આગ પ્રસરી જતાં તેમજ છઠ્ઠા માળે એક ઓફિસના તમામ કાચ આગને લીધે ફુટી જતાં તથા ઉપર સોલારને પણ નુકસાન થતાં બેદરકારી દાખવી માનવ જિંદગી પર જોખમ ઉભુ કરનારા બંને શખ્સો સામે પોલીસે ગુનો નોંધ્યો છે. આ બંનેના આ કૃત્યને કારણે દસ લાખની નુકસાની થઈ હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયા રોડ જુની આમ્રપાલી સિનેમા નજીક સદ્દગુરૂ તિર્થધામ એ-૩૦૪ ખાતે રહેતાં અને રૈયા રોડ તુલસી સુપર માર્કેટ સામે શ્રી હરિ એમ્પાયરમાં પાંચમા માળે વર્ધમાન સેલ્સ નામે ઈલેક્ટ્રીક સામાનનો શો રૂમ ધરાવતાં સાડત્રીસ વર્ષનાો પ્રિયાંશુભાઇ જયેશભાઇ શાહની ફરિયાદ પરથી દિપક પટેલ અને હસમુખ લાઠીયા વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરી હતી. પ્રિયાંશુભાઈ શાહે જણાવ્યું છે કે મારો શો રૂમ ૧૧૦૦ સ્કવેર ફુટની જગ્યામાં છે. આ શો રૂમમાં ૧૨ કર્મચારીઓ કામ કરે છે. શો રૂમની ડાબી બાજુએ રોડની પાસે આલાપગ્રીન સીટીની બાજુનો ખુલ્લો પડતર પ્લોટ છે.

તેમણે આગળ કહ્યું હતું બે બુધવારે હું બપોરે અઢી વાગ્યે મારી ઓફિસે આવ્યો હતો. અહિ મારા કુટુંબી ભાઈ જયદિપભાઈ હરકાંતભાઈ કામદાર તેમજ સ્ટાફના ભવદીપ ભટ્ટી, ચંદ્રકાંત જોલાપરા, ધારાબેન, જ્યોતિબેન, દિપકભાઈ, આશિષભાઈ, કરણભાઈ, નિકીતાબેન સહિતના પણ હાજર હતાં. મેં ઉપર જઇ જોતાંઅમારા શો રૂમની પાછળ આલાપ ગ્રીનસીટીની બાજુનો ખુલ્લો પડતર પ્લોટ હોઈ તેમાં મોટુ સુકુ ઘાંસ હોઈ તે બાળવાની કામગીરી બે જણા કરતાં હતાં. આ બંનેએ કોઈપણ જાતની તકેદારી વગર આ મોટુ સુકુ ઘાંસ બાળવાનું ચાલુ રાખતાં થોડીવાર બાદ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. જેમાંથી તણખા ઉડી અમારા શો રૂમની બારીના ફ્લેક્સ બેનરને અડી જતાં આગ લાગી હતી.

આ કારણે અમારા શો રૂમના રોડ સાઇડના કાચને આગ અડી જતાં ત્યાં રાખેલા એસીના અનેક પાર્ટસ, બોક્સ સહિત સળગવા માંડ્યા હતાં. આ ઉપરાંત આગ વધુ આગળ વધી જતાં શો રૂમની તમામ બારીઓના કાચ ફુટવા માંડ્યા હતાં અને આગ અંદર સુધી પ્રસરી ગઇ હતી. અમે તથા સ્ટાફના લોકોએ અમારી પાસેના અગ્નિશમનના સાધનોથી આગને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. કોમ્પલેક્ષમાં રહેલી પાણીની ફાયર સેફ્ટીની પાઈપનો પણ ઉપયોગ કર્યો હતો. પરંતુ આગળ વધુ આગળ વધી ગઇ હતી. આ પછી દૂકાન-શો રૂમમાં રહેલા એસી, ચાર કોમ્પ્યુટર, ડીસ્પ્લે બોર્ડ, ફર્નીચર, પંખો સહિત સળગી ગયા હતાં. ફાયર બ્રિગેડની ટફીમ આવી જતાં આગ પર કાબુ મેળવી લીધો હતો જેથી આગ આગળ બીજી દૂકાનમાં વધતી અટકી હતી. આગ ભભુકી ત્યારે તણખા અમારી ઉપરના કોમ્પલેક્ષના છઠ્ઠા માળે આવેલી વિશાલભાઈ કાનજીભાઈ ટાટમીયાની ઓફિસમાં પણ જતાં તેમની ઓફિસના તમામ કાચ ફુટી ગયા હતાં. અંદર રહેલા એન્જીનીયર ભાવેશભાઈ વશરામભાઈ વઘેરાને કાચ પગના તળીયામાં લાગી જતાં ઈજા પણ થઇ હતી.

આ ઉપરાંત વિશાલભાઈની દુકાન ઉપર રહેલી સોલાર પેનલમાં પણ આગ પહોંચી જતાંનુકસાન થયું હતું. લોકોએ આગ બુઝાવી હતી. અમે તપાસ કરતાં જે લોકો પાછળ મેદાનમાં સુકુ ઘાંસ સળગાવતાં હતાં તેના નામ દિપકભાઈ પટેલ અને હસમુખભાઈ લાઠીયા હોવાની ખબર પડી હતી. આ બંનેએ ખુલ્લા પડતર પ્લોટનું ઘાંસ સળગાવતી વખતે બેદરકારી દાખવી મનુષ્યની જિંદગી જોખમાય તેવું જાણવા છતાં ઘાંસ સળગાવ્યું હોઈ તેના કારણે આગ વિકરાળ બની જતાં અમારા શો રૂમમાં સામાન બળી ગયો હતો.

તેમણે આગળ જણાવ્યું હતું કે આગને લીધે ઉપરના છઠ્ઠા માળે પણ ઓફિસમાં અને ઉપર સોલારમાં નુકસાન થયું હોઈ તેમજ કાચ ફુટવાથી એન્જિનીયરને ઈજા થઇ હોઈ ફરિયાદ નોંધાવી હતી. આગને કારણે અમારે ૧૦ લાખથી વધુનું નુકસાન થયું છે. તેમ વધુમાં પ્રિયાંશુભાઈ શાહે જણાવતાંયુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ એએસઆઈ જે. આઈ. ઝાલાએ ફરિયાદ દાખલ કરી બંને આરોપીની શોધખોળ હાથ ધરી હતી. આ બંનેની બેદરકારીને કારણે બે શો રૂમ, ઓફિસમાં લાખોની નુકસાની થઇ હતી અને કેટલાય લોકોના જીવ અધ્ધર થઇ ગયા હતાં.

# ગોંડલના માર્કેટ યાર્ડમાં લાલ મરચાની ૮૦ હજાર ભારી ઠલવાઈ

**રોડ પર ૨૦૦૦-૨૫૦૦ વાહનોની ૮ કિમી લાંબી લાઈનો લાગીઃ બીજી જાહેરાત મરચાની સુધી આવક બંધ કરાઈ**





(તસ્વીર : કુલદીપસિંહ જાડેજા – ગોંડલ )

રાજકોટ મિરર, ગોંડલ તા.૬

સૌરાષ્ટ્રનાં અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજે લાલ ચટ્ટાક મરચાની આવક થવા પામી હતી. યાર્ડમાં અંદાજે ૮૦ હજારથી વધુ મરચાની ભારીની આવક થઇ હતી. યાર્ડ બહાર બન્ને બાજુ ૨૦૦૦ થી ૨૫૦૦ વાહનની ૭ થી ૮ કી.મી. લાંબી લાઈનો લાગી હતી. હરાજીમાં ભાવ રૂપિયા ૧૦૦૦ થી ૨૫૦૦ ભાવ ખેડૂતોને મળ્યો હતો. મરચાની પુષ્કળ આવક થતા અને જગ્યા ટૂંકી પડતા યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ તાત્કાલિક ગોંડલ યાર્ડ પર સ્થળ પર પહોંચી અન્ય જગ્યા ભાડે રાખીને ત્યાં મરચા ઉતારવાની વ્યવસ્થા કરી આપી હતી.

ગોંડલ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર પ્રફુલભાઈ ટોળીયાએ જણાવ્યું હતું કે યાર્ડમાં છેલ્લા બે દિવસથી મરચાની વિપુલ પ્રમાણમાં આવક થઈ રહી છે. બે દિવસમાં ૨૫૦૦ જેટલા વાહનોમાં ૮૦ હજાર થી વધુ ભારીની આવક થવા પામી છે. ગઈકાલે પણ યાર્ડમાં ૨ લાખ ગુણી ધાણા ઉપરાંત ડુંગળી, લસણ, કપાસ, મગફળી સહિતની જણસીની આવકો ચાલુ છે.

ત્યારે ગોંડલ માર્કેટિંગ યાર્ડ ૩૦૦ થી ૩૫૦ વિઘામાં યાર્ડ હોવા છતાં જણસી ઉતારવાની અગવડ ઉભી થાય છે. ગોંડલ યાર્ડના તમામ ગ્રાઉન્ડ વિવિધ જણસીથી ભરાઈ ગયા છે. આજુબાજુની જગ્યાઓ પણ ફૂલ થઈ ગઈ છે. કારણકે આગામી દિવસોમાં હોળીના તહેવારની ત્રણ દિવસની રજા ઉપરાંત માર્ચ એન્ડિંગની પણ ૮ થી ૧૦ દિવસની રજા આવે છે. અત્યારે જે જણસીઓની આવક થઈ છે તે વેચાતા અંદાજે ૨ મહિના જેવો સમય લાગશે.

### નેશનલ હાઈવેનું કામ ચાલુ હોય ટ્રાફિક જામ

યાર્ડના ડિરેક્ટર પ્રફુલભાઈ ટોળીયાએ જણાવ્યું હતું કે બે દિવસથી મરચાના વાહનોની લાંબી લાઈનો લાગી છે. હજુ ઘણા વાહનોની ઉતારાઈ બાકી છે ત્યારે આવા વાહનચાલકોને અન્યત્ર જઈને માલનો નિકાલ કરવા વિનંતી કરવામાં આવી છે. બીજી બાજુ નેશનલ હાઈવેનું કામ ચાલુ હોવાથી વારંવાર ટ્રાફિકજામ સર્જાય છે. આગામી દિવસોમાં વાહનોને ક્યા ઉભા રાખવા તે અંગે બેઠક કરીને સુખાંત લવાશે. ગોંડલ પૂર્વ ધારાસભ્ય જયસરાજસિંહ જાડેજા, યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા, યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા અને સમગ્ર ટીમ સતત મહેનત કરી રહી છે. ખેડૂતોને ગોંડલ યાર્ડમાં ઊંચા ભાવ મળી રહે છે. એટલે સૌરાષ્ટ્ર ભરના ખેડૂતો ગોંડલ યાર્ડ પર ભરોસો મૂકી રહ્યા છે. આગામી દિવસોમાં વાહનોની લાઈન હાઈવે પર કરાવવી કે ઉમવાડા રોડ અથવા ગુંદાળા રોડ પર કરાવવી તે અંગે વિધિવત જાહેરાત કરાશે.

# ૯ લાખના ચેક રીટર્ન કેસમાં ઉદ્યોગપતિ મહેશ ટીલારાને એક વર્ષની સજા

**એક મહિનામાં ચેકની રકમ ન ચુકવે તો વધુ ૬ મહિનાની સજાનો પણ હુકમ**



રાજકોટ મિરર, તા.૬

રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા અને અટીકામા શીવમ મશીન ટુલ્સના નામે કારખાનુ ધરાવતા ઉદ્યોગપતિ મહેશ શીવાભાઈ ટીલારાને રૂ. ૯ લાખના ચેક રીટર્ન કેસમાં તકસીરવાન ઠેરવી એક વર્ષની સજા ફરમાવતો રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી. ધ્વારા હુકમ કરાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ લક્ષ્મીવાડીમાં રહેતા ફરીયાદી દર્શનાબેન ભાવીનભાઈ ઉદાણીએ શિવમ મશીન ટુલ્સના પ્રોપરાઈટર મહેશ શીવાભાઈ ટીલારમ વિરૂધ્ધ રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, ફરીયાદીના પતિ એકાઉન્ટનું કામ કરે છે અને તેઓ પાસેથી એકાઉન્ટનું માર્ગદર્શન લેવા મહેશ ટીલારા મળતા હોવાથી બંને વચ્ચે સબંધો બંધાયા હતા. પોતે કારખાના ઉપરાંત ફાઈનાન્સનો મોટો ધંધો કરતા હોવાનું, શિવમ મશીન ટુલ્સ, તેમજ સદરગુરૂ મશીન ટુલ્સ રાજકોટમાં અને શીંગદાણાની ફેકટરી કુવાડવામાં ધરાવતા હોવાથી મોટી રકમની જરૂરીયાત હોવાનું જણાવી ફરિયાદી પાસેથી રૂ.૯ લાખ લીધા હતા.

દરમિયાન આટલી રકમનો વ્યવહાર થતા મહેશ ટીલારાએ આ રકમ સામે ચેક આપ્યો હતો જે બેન્કમાંથી વસુલાયા વગર પરત ફર્યો હતો. આ અંગેનો કેસ ચાલી જતા ફરિયાદી પક્ષેના વકીલોની દલીલોને ગ્રાહ્ય રાખીને, આરોપીને તકસીરવાન ઠેરવી, ફરિયાદીનો કેસ પુરવાર માની આરોપીને એક વર્ષની સજા ઉપરાંત ચેકની રકમ રૂમ.૯,૦૦,૦૦૦/- એક માસમા ફરીયાદીને ચુકવવામાં આરોપી કસુર કરે તો વધુ છ માસની એમ દોઢ વર્ષની સજા ફરમાવતો રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી. ધ્વારા હુકમ કરાયો છે. ઉપરોક્ત કામના ફરીયાદી દર્શનાબેન ઉદાણી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રિન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા રોકાયા હતા.

**ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલિયાની પ્રજાવત્સલ કામગીરી લાવી રંગ**

# ધોરાજી-ઉપલેટા-ભાયાવદરની પાલિકાઓમાં મહિલા પ્રમુખો સત્તારૂઢ

**ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર ત્રણેય પાલિકા કોગ્રેસ પાસેથી છીનવી ભગવો લહેરાયો : ૮ માર્ચના રાષ્ટ્રીય મહિલા દિવસ પહેલા જ ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર પાલિકામાં મહિલા નેતૃત્વની ભાજપની ભેટ : પાડલીયા**



રાજકોટ મિરર, તા.૬

મહિલા પ્રમુખોની વરણીને અભિનંદન પાઠવી નારી શક્તિને વંદન કરતા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા પ્રજાભિમુખ સંપૂર્ણ પારદર્શક શાસન આપવાનું આહવાન કરતા કેન્દ્રીય મંત્રી ડો. માંડવીયા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર પાલિકામાં મહિલા નેતૃત્વની ભાજપની ભેટને આવકારી છે. મહિલા પ્રમુખોની વરણીને અભિનંદન પાઠવ્યા છે. તેઓ જણાવે છે કે તેમના મત વિસ્તારમાં લોકોએ ફરી ભાજપમાં વિશ્વાસ રાખ્યો છે. આ માટે ધારાસભ્ય તરીકે તેઓ ફરી મતદારોનો આભાર વ્યક્ત કરે છે.

તાજેતરમાં નગરપાલિકાની યોજાયેલ ચૂટણીમાં રાજકોટ જિલ્લાની ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર પાલિકામાં ભારતીય જનતા પાર્ટી પ્રચંડ બહુમત સાથે વિજય બની હતી, જેમાં નવ નિયુક્ત સાશકોની નિયુક્તિ માટે ભાજપ દ્વારા પદાધિકારીઓની મળેલ બેઠકમાં ત્રણેય પાલિકામાં પ્રમુખ પદે મહિલા ઉમેદવારોની નિમણૂંક કરવામાં આવેલ છે

૮ માર્ચના રોજ રાષ્ટ્રીય મહિલા દિવસ હોય અને એ પહેલા જ ભાજપા દ્વારા મહિલાઓને મોટી ગિફ્ટ આપવામાં આવેલ છે. ત્રણેય પાલિકામાં મહિલા પ્રમુખોની નિમણૂક થતા ભારતીય જનતા પાર્ટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહિલા સન્માન પ્રત્યેની કટિબદ્ધતા સામે આવેલ છે. મહિલા પ્રમુખોની નિમણૂંકને બિરદાવતા પોરબંદર સંસદ અને કેન્દ્રીય મંત્રી ડો. માંડવીયા એ તમામ નવ નિયુક્ત

પદાધિકારીઓને અભિનંદન પાઠવતા જણાવેલ ડે, પ્રજાભિમુખ અને સંપૂર્ણ પારદર્શક સાશન સાથે પ્રજાના કાર્યો કરી મોદીજીના વિકસિત ભારતના સપનાને સાકાર કરવા આહ્વાન કરેલ છે. સાથેજ ધારાસભ્યડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ પણ તમામ પદાધિકારીઓને અભિનંદન પાઠવત્તા નારિશક્તિને વંદન સહ અભિનંદન પાઠવી મોદીજીના મહિલા સન્માન પ્રત્યેની કટિબધતાને દોહરાવી નારી શક્તિને ઉચ્ચ પદે બિરાજમાન કરતા દેશ અને પ્રદેશમાં મહિલાઓને સન્માન મળશે.

આ સાથે જ ડો. પાડલીયાએ જણાવેલ કે પ્રજાએ મુકેલ પૂર્ણ વિશ્વાસને સાર્થક કરવા સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રજાના કાર્યો કરવા સાથે વિકાસના કાર્યો કરવા એ આપડી સપૂર્ણ જવાબદારી છે જેના માટે વખતો વખત કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ મેળવી ક્ષેત્રના વિકાસમાં સપૂર્ણ સહભાગી બની વિસ્તારને વિકાસની તીવ્ર ગતિ આપવી એ સકલ્પ સાથે તમામ નવ નિયુક્ત પદાધિકારીઓને હાર્દિક અભિનંદન.

ગત ટર્મમાં ધોરાજી અને ભાયાવદર પાલિકા કોંગ્રેસ પાસે હતી. જેમાં સપૂર્ણ ઉલેટફેર કરી ભાજપ ને પૂર્ણ બહુમત સાથે વિજય મેળવેલ કોંગેસના શાસનને પ્રજાએ ફગાવી વડાપ્રધાન મોદીજીના નેતૃત્વમા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સુશાસનની સરકારમાં વિશ્વાસ મુકેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અતિવૃષ્ટિ સમયે ડો. પાડલીયાએ તેમના ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર સહિતના વિસ્તારમાં સતત પ્રજા વચ્ચે રહી તેઓની તકલીફને વાચા આપી હતી. તેમજ ખેડૂતોને થયેલી નુકશાનીનુ વળતર મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતાં.

**મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાન, રાજકોટ પ્રેરિત કૃષ્ણ વૈશ્વિક ક્ષત્રિય પરિવાર દ્વારા**

# રાજ્ય કક્ષાના ૨૧માં સ્કીલ એવોર્ડનું રવિવારે ભવ્ય આયોજન

**ક્ષત્રિય સમાજની વિશિષ્ટ પ્રતિભાઓનું કરાશે અદકેરું સન્માન**

રાજકોટ મિરર, તા.૬

મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાન, રાજકોટ પ્રેરિત કૃષ્ણ વૈશ્વિક ક્ષત્રિય પરિવાર દ્વારા આયોજીત રાજ્ય કક્ષાનો ૨૧મો સ્કીલ એવોર્ડ સેરેમની- ૨૦૨૫ કાર્યક્રમ તા.૯ને રવિવારના રોજ બપોરે ૨:૩૦ થી ૬:૦૦ કલાકે હેમુ ગઢવી નાટયગૃહ, રાજકોટ ખાતે સામાજીક, રાજકિય અને અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં દબદબાભેર યોજાશે. જેમાં ક્ષત્રિય સમાજના ભાઈઓ - બહેનોને સહપરિવાર વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાનના પ્રમુખ ડો. યોગરાજસિંહ ગંભીરસિંહજી જાડેજા (જાબીડા) દ્વારા અનુરોધ કરાયો છે.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા બાપુ, પૂર્વ મંત્રી, ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, પૂર્વ મંત્રી અને ક્ષત્રિય સમાજનું ઘરેણું ધર્મેન્દ્રસિંહજી (હકુભા) જાડેજા, ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી જાડેજા, ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી પ્રદિપસિંહજી વાઘેલા અને અનિરૂધ્ધસિંહજી જાડેજા



(પ્રમોટર એન્ડ એમ.ડી. ઓફ ઋઝડક ઈઅઝઈઠઅઢ કઝઉ) સહિતના વિશેષ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્યથી ભવ્ય રીતે આન-બાન અને શાન સાથે સ્કીલ એવોર્ડ સેરેમની-૨૦૨૫ કાર્યક્રમમાં સન્માન કરાશે.

સ્કીલ એવોર્ડ સેરેમની - ૨૦૨૫ કાર્યક્રમમાં એજ્યુકેશન ફીલ્ડ સિવાયના તમામ ક્ષેત્રો જેવા કે, રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા, ઉત્ર્કૃ'ત ઈજ્ઞળળયક્ષમફશિંજ્ઞક્ષ ઉશતભ (ગુજરાત પોલીસ વિભાગ માટે). સ્પોર્ટસમાં નેશનલ લેવલે તેમજ ઈન્ટરનેશનલ લેવલે રમેલા ખેલાડીઓ, એન.સી.સી. સી સર્ટિફીકેટમાં (એ ગ્રેડ તેમજ બી ગ્રેડ-૨૦૨૪) તેમજ ૨૬, જાન્યુઆરીની દિલ્હી ખાતેની પરેડમાં જોડાનાર કેડેટ, બ્રેવરી એવોર્ડ, શ્રેષ્ઠ વ્યાપાર ક્ષેત્રે તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે તેમજ પ્રાઈવેટ અને સરકારી નોકરી દરમિયાન નેશનલ લેવલ તેમજ ઈન્ટરનેશનલ લેવલે કરેલા પ્રદર્શન, ગુજરાત ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ આવેલ પ્રથમ, દ્વિતીય અને તૃતિય તેમજ આ સિવાયના અન્ય ફિલ્ડ લોકકલા, શિલ્પકલા, ચિત્રકલા, સંગીતકલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિગેરે ક્ષેત્રે કરેલ શ્રેષ્ઠ પ્રદર્શન માટે ક્ષત્રિય સમાજનાં ભાઈઓ અને બહેનોને સન્માનીત કરવામાં આવશે. સાથે સાથે ક્ષત્રિય સમાજના સરકારી કોલેજના સર્વ પ્રિન્સીપાલો અને ગઈઈ ઓફિસરોનું પણ સન્માન કરાશે.

સ્કીલ એવોર્ડ સેરેમની-૨૦૨૫ કાર્યક્રમમાં સર્વે ક્ષત્રિય સમાજને પરિવાર સહિત જોડવા ભાવપૂર્વક ઈ-નિમંત્રણ પણ પાઠવાયા છે. આ કાર્યક્રમમાં એકપણ નિમંત્રણ કાર્ડ પ્રિન્ટ નથી કરવામાં આવ્યા એટલે કે ડીજીટલ ઈ-નિમંત્રણથી જ સર્વેને આમંત્રણ અપાયા છે.

કાર્યક્રમમાં પરિવારની સહઉપસ્થિતિથી, સમાજના સન્માનથી, ભાઈઓ-બહેનોને પ્રોત્સાહન અને સંસ્થાનની કાર્યકર્તા ટીમને પ્રેરકબળ મળી રહે એવી આશા સેવાઈ રહી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. યોગરાજસિંહ જી. જાડેજા (જાબીડા), ડો. દિગ્વીજયસિંહ બી. જાડેજા (મંજલ), પી. એમ. જાડેજા (સમાઘોઘા), ડો. જીગરસિંહ બી. જાડેજા (બાવરીયા), ધર્મવીરસિંહ આર. જાડેજા (જીલરીયા), રાજેન્દ્રસિંહ જે. ઝાલા (રતનપર), કુલદિપસિંહ એન. રાઠોડ (ઈડર), ધર્મરાજસિંહ જે. વાઘેલા (છબાસર), એમ. પી. રાણા (કળમ), ભરતસિંહ આર. રાણા (અડવાળ), હરપાલસિંહ કે. જાડેજા (માણેકવાડા), બકુલસિંહ જી. જાડેજા (મોટીવાવડી), શક્તિસિંહ જી. વાઘેલા (ભાડેર), રાજેન્દ્રસિંહ આર. જાડેજા (પીપરડી), સત્યપાલસિંહ પી. જાડેજા (મોટી વાવડી) અને સિધ્ધરાજસિંહ કે. જાડેજા (ડેરી) સાથે ખઙજ્જ ના સર્વ કારોબારીઓ, કાર્યકર્તાઓ અને સર્વ સાથી સ્નેહીઓ સહિત સર્વસાથી મિત્રોએ જહેમત ઉઠાવી રહ્યા છે.

ગમે તેની સાથે મિત્રતા અને પ્રેમના પાઠ બરબાદી તરફ લઇ જતા હોય છે તેની પ્રતીતિ કરાવતી ઘટના

# રાજકોટની ત્યક્તા સાથે ચાવાળાનું દૂષ્કર્મઃ રોકડા પણ પડાવ્યા!

## મહિલા બાઉન્સર તરીકે કામ કરતી હોઇ ચાના થડે ચા પીવા જતાં ઓળખાણ થઇ એ પછી તેને લગ્નની લાલચ આપી ફસાવીઃ છેલ્લે તરછોડી દીધીઃ બે વખત ગર્ભપાત પણ કરાવવો પડ્યો હતોઃ યુનિવર્સિટી પોલીસે મોટા મવાના વિપુલ ગોલતરને પકડ્યો

રાજકોટઃ લવ સેક્સ ઔર ધોખા જેવી ઘટનાઓ અવાર-નવાર સામે આવતી રહે છે. અમુક લેભાગુઓ મિત્રતા, ફ્રેન્ડશીપ, લવલફરાની આડમાં સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓ, વિધવાઓ કે પછી ત્યક્તાઓને પોતાની મોહજાળમાં ફસાવી શારીરિકની સાથે સાથે આર્થિક શોષણ પણ કરી લેતાં હોય છે. પછી સ્વાર્થ ખતમ થઇ જતાં તું કોણ અને હું કોણ કહી દગો દઇ દેતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટ શહેરની ત્યક્તા મહિલા સાથે બની છે. જેને લગ્નની લાલચ આપી ચાવાળાએ ફસાવી વારંવાર દેહ પીંખ્યો હતો, તેની પાસેથી રોકડ રકમ પણ કટકે કટકે લીધી હતી. ગર્ભ રહી જતાં ગર્ભપાત કરાવડાવ્યો હતો અને છેલ્લે લગ્ન કરવાની ના પાડી તરછોડી



દીધી હતી. આ કારણે મહિલાએ પોલીસ પાસે જઇ ખોળો પાથરતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં પોલીસે ૩૩ વર્ષની મહિલાની ફરિયાદ પરથી મોટા મવા ગામમાં રહેતાં વિપુલ ગોલતર નામના ૩૩ વર્ષના શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે હું હાલ એકલી રહુ છું. મારા લગ્ન બાદ છુટાછેડા થઇ ગયા છે અને એક સંતાન જે તે વખતે પતિને સોંપી દીધુ હતું. હું અલગ અલગ ઈવેન્ટમાં બાઉન્સર તરીકે કામ કરવા જતી હોઇ વર્ષ ૨૦૨૧ના સમયમાં કાલાવડ રોડ પર એક ઈવેન્ટ વખતે નજીકમાં ચાનો થડો ધરાવતાં વિપુલ ગોલતરના થડે ચા પીવા ગઇ હતી ત્યારે તેની સાથે ઓળખાણ થઇ હતી.

તેણીએ આગળ કહ્યું હતું કે વાતચીત દરમિયાન ચાવાળા વિપલુ ફોન નંબર લીધા હોઇ અમે એક બીજા સાથે વાતચીત ચાલુ કરી હતી. એ પછી તેણે વાતચીત આગળ વધારી હતી અને પોતાને પત્નિ સાથે વાંધો ચાલે છે છુટુ કરી દેવાનું છે તેમ કહી પોતે ખુબ પ્રેમ કરે છેઅ ને લગ્ન કરવા ઈચ્છે છે તેમ કહી મને લગ્નની લાલચ આપી હતી.

એ પછી એક રૂમ ભાડેથી અપાવી હતી અને ત્યાં જ હું રહેતી હતી. આ રૂમ ખાતે વિપુલ અવાર-નવાર આવતો હતો અને લગ્નની લાલચ દઇ વારંવાર શરીર સંબંધ બાંધી લેતો હતો. આ કારણે મને બે વખત ગર્ભ રહી જતાં ગર્ભપાત કરાવાવો પડ્યો હતો.

મહિલાએ જણાવ્યું હતું કે શરીર સંબંધ બાંધવા ઉપરાંત વિપુલ મારી પાસેથી કટકે કટકે રકમ પણ લઇ જતો હતો. આ રીતે કુલ રૂા. ૨,૮૦,૦૦૦ લઇ ગયો હતો. છેલ્લે તેણે મને લગ્નની ના પાડી દીધી હતી અને વિશ્વાસઘાત કર્યો હતો. તેમ વધુમાં ભોગ બનનારે જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી. એચ. ચૌહાણે એફઆઈઆર દાખલ કરી આરોપીને દબોચી લઇ વિશેષ પુછતાછ હાથ ધરી હતી. અજાણ્યા પર આંધળો વિશ્વાસ કરી સર્વસ્વ સોંપી દેનાર મહિલાને અંતે પછતાવુ પડ્યુ હતું. આ ઘટના વધુ એક વખત લાલબત્તી ધરી રહી છે.

# જૂગારમાં રોકડ હારેલા યુવાને ગળાફાંસો ખાઇ જિંદગીનો ખેલ જ ખતમ કરી નાંખ્યો

## છોટુનગર ઝૂપડપટ્ટીમાં બનાવઃ ગૂમ થયા બાદ ફોન કરી પોતે આજીડેમમાં પડવા જાય છે, બધાને બહુ હેરાન કર્યા, હવે આ છેલ્લો ફોન છે તેવું કહ્યુંઃ પરિવારે સામેના બંધ મકાનમાં તપાસ કરતાં લટકતો મળ્યો

રાજકોટઃ અલગ અલગ કારણોસર લોકો આત્મહત્યા કરી લેતાં હોવાની સતત બની રહેલી ઘટના વચ્ચે શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી પાછળ છોટુનગર ઝૂપડપટ્ટીમાં રહેતાં એકવીસ વર્ષના યુવાને જૂગારમાં પૈસા હારી જવાને કારણે જિંદગીથી છેડો ફાડી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો છોટુનગર ઝૂપડપટ્ટી શેરી નંબર તેરમાં રહેતાં સુરેશ રમેશભાઇ વડેચા નામના યુવાને પોતાના ઘરની સામે જ બંધ પડેલા પોતાના કાકા વિનોદભાઇ વડેચાના ઘરની અગાસીના કાંગરામાં રાંઢવુ બાંધી પડતું મુકી ગળાફાંસો ખાઇ લેતાં તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.આપઘાત કરનાર સુરેશ પાંચ



ભાઇ અને બે બહેનમાં ચોથો અને કુંવારો હતો.

તે છુટક બકાલા, ભંગારનો ધંધો કરતો હતો. જો કે તેને જૂગાર રમાવની આદત હોઇ ગમે ત્યાં જૂગાર રમવા બેસી જતો હતો. છેલ્લે તે સાતેક હજાર રૂપિયા હારી જતાં ચિંતામાં હતો. બુધવારે સવારે ઘરેથી નીકળી જતાં અને ગૂમ થઇ જતાં બધા શોધખોળ કરી રહ્યા હતાં.

સગાએ વધુમાં કહ્યું હતું કે સાંજે ચારેક વાગ્યે ભાઇને ફોન કરીને કહેલુ કે હવે આ મારો છેલ્લો ફોન છે, હવે હું આજીડેમમાં પડીને મરી જઇશ, મેં તમને બહુ હેરાન કર્યા છે. આમ કહી ફોન કટ કરી નાંખ્યો હતો. પરિવારજનો તેને શોધવા ડેમ તરફ દોડી ગયા હતાં. પરંતુ ત્યાં તે મળ્યો નહોતો. દરમિયાન સામે જ કાકાનું ઘર બંધ પડ્યું હોઇ શંકા પરથી તેમાં તપાસ કરતાં દરવાજો અંદરથી બંધ હતો. ખખડાવવા છતાં નહિ ખોલતાં દરવાજો તોડી પરિવારજનો અંદર જતાં ધાબા પરના કાંગરામાં રાંઢવુ બાંધી લટકતી હાલતમાં તે મળતાં હોસ્પિટલે ખસેડ્યો હતો પરંતુ જીવ બચ્યો નહોતો. પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિ.પી. વૈશ્નવ સામે માનહાની દાવાની નોટીસ

## કોંગ્રેસ આગેવાનોએ કહ્યું લેખિતમાં નિવેદનને સાબિત કરે અથવા તો લેખિતમાં માફી માંગે

રાજકોટ, તા. ૬

છેલ્લા ઘણા સમયથી ચેમ્બર ઓફ કોમર્સના વી.પી વૈષ્ણવ સતત ચર્ચામાં રહ્યા છે ત્યારે ફરી એક વખત તેમની તકલીફમાં વધારો થયો છે કોંગ્રેસના આગેવાન કૃષ્ણદત્ત રાવલ અને સંજય લાખાણી દ્વારા તેમના પર માનહાનિનો દાવો કરતી અરજી કરી છે જેની પાછળનું મોટું કારણ એ છે કે કોંગ્રેસના આગેવાનોએ કોર્પોરેશનના અધિકારીઓની ઉપર વીપી વૈષ્ણવના બાંધકામની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી હતી તે બાબતે વીપીએ જણાવ્યું કે કોંગ્રેસના આગેવાનો બદ ઈરાદાથી ફરિયાદ કરેલી છે ત્યારે આ વાત ગળે ન ઉતરતા કોંગ્રેસના આગેવાનો દ્વારા અરજી કરવામાં આવી કે વી.પી વૈષ્ણવ આ અંગે લેખિતમાં તેમના દ્વારા કરવામાં આવેલા નિવેદનને સાબિત કરે અથવા તો લેખિતમાં માફી માંગે જો આ કરવામાં નહીં આવે તો માનહાનિનો દાવો કરવામાં આવશે.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ હવે ખરા અર્થમાં વીપી વૈષ્ણવ શું પગલું ફરે છે તે જોવાનું રહ્યું પરંતુ આ અંગે જ્યારે તેમની સાથે વાત કરવામાં આવી તો તેઓએ પણ જણાવ્યું કે તેઓ સુરત હોવાના કારણે ફોન ઉપર કોઈ ચર્ચા કરવા માંગતા નથી તો બીજી તરફ હવે મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપર પણ ક્યાંક ને ક્યાંક પ્રેશર ઊભું થયું હોય તેવું જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે હાલ કોંગ્રેસ ભાજપના સત્તાધીશો ઉપર સતત આંગળી ચિંધી રહ્યા છે ત્યારે આ અંગે હવે કયા પ્રકારના પગલાં લેવામાં આવશે તે જોવાનું રહ્યું તો સામે બીજી તરફ યાજ્ઞિક રોડ ઉપર આવેલા વીપી વૈષ્ણવની જે જગ્યા પર ગેરકાયદે બાંધકામ ખડકી દેવામાં આવ્યું છે તેને દૂર કરવામાં આવશે કે કેમ તે પણ હાલ સૌથી મોટો ચર્ચાનો વિષય છે. પરંતુ હાલની સ્થિતિએ કોંગી આગેવાનો દ્વારા માનહાની કરતી અરજી કરી છે.

# સ્માર્ટ સીટીના સ્ટોર રૂમમાંથી બે પુર્વ સિક્યુરીટી સહિત ૪ જણાએ ચોર્યો લાખોનો માલઃ ધરપકડ

## એલસીબી ઝોન-૨ અને યુનિવર્સિટી પોલીસની ટીમે ડિટેક્શન કર્યુ



રાજકોટઃ રૈયા ગામ વિસ્તારમાં સ્માર્ટ સીટી અંતર્ગત પ્રોજેક્ટ ચાલુ હોઇ આ કામનો કોન્ટ્રાક્ટ ધરાવતી એલ એન્ડ ટી કંપનીના અટલ સરોવર નજીક આવેલા સ્ટોર રૂમ ખાતેથી ઉઠાવગીરો કેબલ, ભંગાર મળી લાખોનો માલસામાન ચોરી જતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમિયાન આ ચોરીનો ભેદ એલસીબી ઝોન-૨ ટીમે ઉકેલી આ સ્ટોર રૂમના બે પુર્વ સિક્યુરીટી ગાર્ડ સહિત ચારને પકડી લઇ અમુક મુદ્દામાલ કબ્જે કર્યો છે.

વિગતો પર નજર કરીએ તોં યુનિવર્સિટી પોલીસે ઘંટેશ્વર એસઆરપી કેમ્પ પાસે વર્ધમાન સીટી નજીક ક્રિસ્ટલ સીટી એપાર્ટમેન્ટ બલોક નં. ૬, સી-વિંગમાં રહેતાં અને એલ એન્ડ ટી કંપનીમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતાં મુળ ઓડીસ્સાના સંભલપુર તાબેના નટવરનગરના રાકેશભાઇ અક્ષયકુમાર નંદા ની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. રાકેશભાઇ નંદાએ જણાવ્યું હતું કે હું રાજકોટમાં સ્માર્ટ સીટી બનાવવાનો કોન્ટ્રાક્ટ ધરાવતી એલ એન્ડ ટી કંપનીમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરુ છું. અમારી કંપનીનો સ્ટોર રૂમ રાજકોટ સ્માર્ટ સટીમાં જોકીયા હનુમાનજી મંદિર પાસે છે. જ્યાં સ્ટોર રૂમની સાથે ઓફિસ પણ છે. આ સ્ટોર રૂમમાં રાખવામાં આવતાં માલસામાનનું મેનેજમેન્ટ હું સંભાળુ છું. અહિથી કેબલ વાયરના ડ્રમમાંથી ૭૫૦ મીટર કેબલ રૂા. ૪,૫૦,૦૦૦નો અને બીજો ૧૧૨૫૦નો ભંગાર મળી કુલ રૂા. ૪,૬૧,૨૫૦ની મત્તા ચોરાઇ ગઇ હતી. યુનિવર્સિટી પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઇ વી. જી. ડોડીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમ પણ તપાસમાં સામેલ થઇ હતી.

પોલીસે ચોરાઉ મુદ્દામાલ સાથે સ્ટોર રૂમના બે પુર્વ સિક્યુરીટી ગાર્ડ અશ્વિનીકુમાર બલરામ કશ્યપ (રહે. ન્યુ રેસકોર્ષ એલએન્ડટી ઓફિસ), કુંદનકુમાર પ્રેમકુમાર પાંડે (રહે. શેઠનગર પાછળ) તથા અગાઉ અહિ કામ કરી ચુકેલા વિક્રમ મણીલાલ સોલંકી રહે. રૈયાધાર શાંતિનગર), સંજય દુદાભાઇ રાઠોડ (રહે. રૈયાધાર પાણીના ટાંકા પાછળ)ને પકડી લઇ રૂા. ૧,૦૫,૦૦૦નો ૧૫૦ કિલો કોપર વાયર, રૂા. ૧૧૨૫૦નો ૪૫૦ કિલો ભંગાર કબ્જે કર્યો છે. ચારેયએ ચોરી કરી ભંગાર, કેબલ વેંચી પૈસા કમાવવા પ્લાન ઘડ્યો હતો. પગાર ઓછો પડતો હોઇ સિક્યુરીટીની નોકરી મુકી દીધાનું બંનેએ રટણ કર્યુ હતું. અમુક કેબલ વેંચી રોકડી કરી લીધી હતી. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરીની રાહબરીમાં એલસીબીના એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા અને કુલદિપસિંહ રાણા તથા યુનિવર્સિટી પોલીસની ટીમે આ ડિટેક્શન કર્યુ હતું.

# સર્વેશ્વર ચોકના વોકળા માટે વધુ ૧.૮૩ કરોડના ખર્ચની દરખાસ્ત

## મનપાની આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક અનેક મહત્વપૂર્ણ દરખાસ્તો પર લેવાશે નિર્ણય

રાજકોટ, તા. ૬

આજે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળવાની છે જેમાં વોર્ડ નંબર સાત એટલે કે ડોક્ટર યાજ્ઞિક રોડ પર આવેલા સર્વેશ્વર ચોકમાં જે વોકળાનું નવનિર્માણ થઈ રહ્યું છે તે માટે ૪.૯૧ કરોડ રૂપિયાનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો પરંતુ આ કામમાં વધારો થતા વધુ ૧.૮૩ કરોડનો ખર્ચ મૂકવામાં આવ્યો છે જે અંગેની દરખાસ્ત આજની સ્ટેન્ડિંગ કમિટીમાં મોકલવામાં આવી છે ત્યારે હવે આજની આ બેઠકમાં નવો ખર્ચ મંજૂર કરવા માટે નિર્ણય લેવામાં આવશે. મળતી માહિતી મુજબ ચેરમેન જૈમીન ઠાકરે જણાવ્યું હતું કે વોકળા ડાયવર્ટ કરવા નવું બોક્સ બનાવવાના કામ માટે મૂળ જે રકમની મંજૂરી આપવામાં આવી તેમાં હવે વધારો કરાશે કારણ કે આ કામગીરી નો વર કોડર ૧૪ નવેમ્બર ૨૦૨૪ ના રોજ આપવામાં આવ્યો હતો અને ૬૦૦ મીમીની પાઈપલાઇન સહિતનું કામ ઉમેરવામાં આવ્યું હતું. એટલું જ નહીં સરદારનગર મેઈન રોડ તરફથી આવતી ડ્રેનેજ લાઇન તથા વોંકળાની વચ્ચે આવતી ડ્રેનેજ લાઇન શિફ્ટ કરવાના કારણે સરદારનગરથી આવતા વોંકળાનો જુનો સ્લેબ તોડી ડ્રેનેજ લાઇન પણ કરવાની થતી હોય, સ્લેબ નવો બનાવવાનો થશે. નવી વિંગ વોલ પણ બનાવવાની છે.

આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અનેક મુખ્ય દરખાસ્તો પણ મૂકવામાં આવેલી છે જેમાં ફાયર વિભાગ માટે ચાર નવા મીની ફાયર ફાઈટર ખરીદવા ૨.૯૧ કરોડનો ખર્ચ અને બહાલી આપવા માટે આજની બેઠકમાં દરખાસ્ત મુકવામાં આવી છે તો બીજી તરફ ભાદર ડેમ પંપિંગ સ્ટેશન પર બે વર્ષના મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ માટે ૨૩.૪૯ લાખનું કામ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આરોગ્ય ક્ષેત્રની જો વાત કરવામાં આવે તો વોર્ડ નંબર નવ એટલે કે મુજકા વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર બનાવવા માટેના ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે ત્યારે આ કામગીરી માટે આશરે ૩.૪૧ કરોડનો માતબર ખર્ચ કરવા માટેની દરખાસ્ત પણ આજની બેઠકમાં મૂકવામાં આવેલી છે.

# દારૂની ૬૪ બોટલ સાથે ૪ ઝડપાયા, એકની શોધખોળ

## રૂા.૩૧,૯૫૧નો મુદ્દામાલ કબજે કરતી આજીડેમ, ગાંધીગ્રામ, થોરાળા,એડીવીઝન અને તાલુકા પોલીસ

રાજકોટ મિરર તા.૬

શહેરના જુદા જુદા ૫ દરોડામાં પોલીસે દારૂની ૬૪ બોટલ સાથે ૪ શખ્શોને ઝડપી પાડી એક શખ્શની શોધખોળ હાથધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ એ ડીવીજન પોલીસે બાતમીના આધારે હરિહર ચોક દાતાર બાપુના તકિયાની પાછળ ખાડામાં રહેતા સમીરભાઈ લિંગડીયાના રહેણાંક મકાન પર દરોડો પાડતા ત્યાંથી પોલીસને રૂ. ૧૬,૨૦૦ની દારૂની ૩૬ બોટલ કબજે કરી હતી. પોલીસે સમીરની શોધખોળ હાથ ધરી છે. બીજા દરોડામાં ગાંધીગ્રામ પોલીસને બાતમી મળી હતી કે, છોટુ નગર મફતિયાપરા શેરી નંબર ૧૦ માં લક્ષ્મણ નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનું વેચાણ કરે છે. આવી બાતમી મળતા પોલીસે છોટુ નગર મફતિયાપરા શેરી નંબર ૧૦ મા રહેતો લક્ષ્મણને રૂ. ૧૧૭૬૦ની દારૂની ૨૧ બોટલ સાથે પકડી લીધો હતો.

ત્રીજા દરોડામાં આજીડેમ પોલીસે ૧૫૦ ફીટ રીંગ રોડ, કિંગ્સ પાર્ટી લોન્સની સામેથી રૂ. ૨૮૦૫ની દારૂની ૫ બોટલ સાથે કાલાવડ રોડ એ.જી. ચોક પાસે કેવલમ ક્વાટરમાં રહેતા ભાવિક



અરજણભાઈ ગોંડલીયાને ઝડપી લીધો હતો. ચોથા દરોડામાં થોરાળા પોલીસે નવા થોરાળા મેઈન રોડ પરથી આંબેડકર નગર શેરી નંબર-૪માં રહેતા રોહિત ઉર્ફે ચકી હરેશભાઈ ચૌહાણને રૂ.૫૦૦ની દારૂની બોટલ સાથે પકડી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાંચમાં દરોડામાં આજીડેમ પોલીસે કોઠારિયા રોડ પર શિવ ભવાની ચોકમાંથી કોઠારિયાના ગુલાબનગરમાં રહેતા ધર્મેન્દ્ર મહેશ બિંદને દારૂની એક બોટલ સાથે પકડી લઈને રૂ.૬૮૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# CGSTનો ઈન્સ્પેક્ટર રામ મીના ૫ હજારની લાંચ લેતા ઝડપાયો

## રાજકોટ ACBના ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ.ગોહિલની ટીમને સફળતા

રાજકોટ મિરર, તા.૬

સૌરાષ્ટ્રમાં લાંચિયા સરકારી અધિકારીઓ, કર્મીઓને હાલતા ચાલતા એસીબી પકડી લેતું હોવા છતાં ખાઉધરા ધરાતા ન હોવાનું સાબિત થાય છે. એટલે જ પખવાડીયામાં બે-ત્રણ સત્તાવાળાઓ તો લાંચ લેતા રંગે હાથે પકડાતા જ રહે છે. આવી જ વાત સાબિત થતી હોય તેમ અને એસીબી રાજકોટના ઇન્ચાર્જ મદદનીશ કે.એચ.ગોહિલની ફરજ રંગ લાવતી હોય તેમ આજે વધુ એક લાંચના ગોઠવેલા છટકાને સફળતા મળી છે. રાજકોટમાં સેન્ટ્રલ જીએસટીના ઇન્પેકટરને રૂ. ૫ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવાતા જીએસટી વર્તુળમાં ખળભળાટ મચી ગયો છે.

મળતી વિગતો મુજબ



ફરીયાદીના ગ્રાહકની ખાનગી કંપની માટે જી.એસ.ટી. નંબર મેળવવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કર્યું હોય અને તે એપ્રુવ કરાવી આપવા માટે ફરિયાદી યુવાન શહેરના રેસકોર્ષ સામે આવેલી સેન્ટ્રલ જીએસટી કચેરીમાં જઈને આગળની કાર્યવાહી બાબતે ચર્ચા કરતા ફરજ પરના સેન્ટ્રલ જીએસટી ઈન્સ્પેક્ટર રામ ભરતલાલ મીનાએ રૂ.૫ હજારની લાંચ માંગી હતી. પણ ફરિયાદી યુવાન લાંચ આપવા માંગતો ન હતો અને આ બાબતે ફરિયાદીએ, સુરેન્દ્રનગર એ.સી. બી. પોલીસનો સંપર્ક કરી હકીકત રજુ કરી હતી.

દરમિયાન રાજકોટ એસીબીના ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ આજે લાંચનું છટકું ગોઠવાયું હતું. જેમાં સુરેન્દ્રનગર એસીબીના પીઆઈ એમ.એમ.લાલીવાલાએ ટ્રેપિંગ અધિકારી તરીકે ફરજ બજાવી રૂ. ૫ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધો હતો. એસીબીના સફળ છટકાથી જીએસટી તંત્રના લાંચિયા અધિકારીઓ-કર્મચારીઓમાં સોંપો પડી ગયો છે,

### અવસાન નોંધ

**ગોંડલ :** ચંદ્રિકાબેન અરૂણભાઈ ભટ્ટ (ઉ.વ.૮૦) તે સ્વ. અરૂણભાઈ હિંમતલાલ ભટ્ટના પત્ની, હિતેષભાઇ, જ્યોતિ અજયભાઈ જોશી, જિજ્ઞાસા સંજયકુમાર રાજ્યગુરૂના માતાનું અવસાન તા.૫ ના રોજ થયું છે . બેસણું તા.૭ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને રાખેલ છે. તેમના નિવાસ સ્થાને, સાંગાણી રોડ, ભગવત પરા, રઘુવીર સોસાયટી મારુતિધામ બગીચાની સામે, રાજખોડલ પાનવાળી શેરી ગોંડલ ખાતે રાખેલ છે..

## સોશિયલ મીડિયામાંથી સાભાર

### મઝા પડશે....

દિલ પણ તારું
મરજી પણ તારી
પણ એક વાત કહું ....તને મઝા પડશે=ક

કોઈ એક દિવસ
કામ કાજ માંડી વાળી ને
બેફામ રખડ....
સાચ્ચું કહું મઝા પડશે =ક

બધા રચ્યા પચ્યા હશે કામ માં
તને કોઈ નહિ નડશે ....
સાચું કહું મઝા પડશે=ક

મોબાઈલ બાજુએ મૂકી ને
હરજે ફરજે
બહુ ફરક પડશે ....
સાચું કહું મઝા પડશે =ક

નીરખજે શેરીઓ ને ખુલ્લી નજરો થી
તને બાળપણ જડશે .....
સાચું કહું મઝા પડશે =ક

પહેલાં પણ જીવતા હતા
એવું વર્ષો પછી ખબર પડશે ....
સાચું કહું મઝા પડશે =ક

બહુ બહુ તો શું થશે
એક રજા પડશે
પણ સાચું કહું .......
મઝા પડશે !!=ક

આજ ઉંમર છે... જિંદગી ને માણવાની.....
બીજા બધા ને મૂક પડતા.....
એકાદને ખોટું....લાગશે...પણ.. સાચું કહું..
મઝા પડશે.....

ક્યારેક.... ગાડી.... સ્કૂટર મૂકી ને....
ચાલતા.. જ..... ગામની સેર કર.,..
થોડું.... અજુગતું લાગશે...
પણ.... મઝા પડશે...
રસ્તે ચાલતા.... ચાલતા....
ક્યારેક સાવ અજાણ્યા.....
નાના બાળકોને....રમાડી જોજે.....
એ બાળકોની આંખોમાં
થોડી વિસ્મયતા દેખાશે... પણ....
એ જોવાની પણ... મઝા પડશે...
કોઇ વૃદ્ધ ને આંગળી પકડીને..

વહાલ કરી ને......
એના આંસુ લૂછી ને....
રસ્તો પસાર કરાવી દેજે.....
એના છુપા આશીર્વાદની
અનુભૂતિ તો તરત.....

નહિ થાય..... પણ.... તોય.... જિંદગીમાં
કંઈક સારુ કર્યાનો સંતોષની... મઝા પડશે...
અને....... હા..... ક્યારેક મારાં જેવા.....
ધૂની.... અડીયલ.... પણ....
સાવ અરીસા જેવા.....
પારદર્શક ની સાથે..... તોફાની...
મિત્રતા કરી જોજે....
મઝા પડશે....

# શહેર ભાજપના પ્રમુખ માધવ દવે , જિલ્લામાં અલ્પેશ ઢોલરિયા રીપીટ

## ક્લસ્ટર ઇન્ચાર્જ મયંક નાયકે કરી જાહેરાત : સંગઠન મજબૂત થશે તેવું કાર્યકરોનું માનવું : ગઈકાલ સવારથી જ સંગઠન રચનાની કામગીરી શરૂ કરાઈ હતી પૂરજોશમાં



### ભાજપમાં કોઈ દિવસ જૂથવાદ ન હોય : માધવ દવે

શહેર ભાજપના નવા વરાયેલા પ્રમુખ માધવ દવે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે હાલ પાર્ટી એ જે જવાબદારી સોંપી છે તેમાં તેઓ સંપૂર્ણ યોગદાન આપી સાથ સહકાર આપશે અને પાર્ટીની વિચારધારાને શહેરના દરેક લોકો સુધી પહોંચાડવામાં આવશે બીજી તરફ તેઓએ જણાવ્યું હતું કે ભાજપ પક્ષમાં કોઈ દિવસ જૂથવાદ હોય જ ન શકે કારણ કે અહીં દરેક કાર્યકર પક્ષ માટે કામ કરે છે ત્યારે વર્ષના અંતમાં મહાનગરપાલિકાની જે ચૂંટણી આવવાની છે તેમાં ભાજપનો ભગવો ફરીથી લહેરાઈ તે માટે તમામ તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવશે.

રાજકોટ, તા. ૬

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આજે સવારથી સંગઠન રચનાની કામગીરી ફરી હાથ પર લેવામાં આવી છે. રાજકોટ શહેર અને જિલ્લાની જો વાત કરવામાં આવે તો રાજ્યસભાના સાંસદ મયંક નાયક દ્વારા શહેરમાં ભાજપ પક્ષની જવાબદારી માધવ દવેને સોંપવામાં આવી જ્યારે જિલ્લાની જવાબદારી ફરી એક વખત અલ્પેશભાઈ ઢોલરીયા ને સોંપવામાં આવી છે ત્યારે રાજકોટ શહેર અને જિલ્લાના કાર્યકરોનો ઉત્સાહ ચોમેર જોવા મળ્યો હતો. મળતી માહિતી મુજબ લાંબા સમયથી ભાજપ જિલ્લા અને મહાનગરોના પ્રમુખ ની નિયુક્તિ મુદ્દે ઘણી ખરી અટકડો ચાલી રહી હતી ત્યારે ગઈકાલે સાંજે ગુજરાત ભાજપ દ્વારા પ્રમુખોની વરણી કરવામાં આવી છે જેમાં ક્લસ્ટર ઇન્ચાર્જને આ જવાબદારી. પરિણામ સ્વરૂપે ગઈ કાલ સવારથી જ આઠ મહાનગરો અને જિલ્લા સહિત ૩૩ નવા પ્રમુખોના નામો જાહેર કરી દેવામાં આવ્યા હતા. ભાજપે હાલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં જે વિજય મેળવ્યો તે બાદ સંગઠનને નવો ચહેરો આપવા માટેની તમામ તૈયારીઓ શરૂ કરી હતી એટલું જ નહીં સંગઠનનું સુકાન કોને સોંપવામાં આવે તે અંગે પણ અત્યંત ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવ્યો હતો અને છેલ્લે તમામ વિચાર વિમર્શ બાદ ટીમની ઘોષણા કરવામાં આવી.

ગઈકાલ સવારથી જ પ્રદેશ દ્વારા નિયુક્ત થયેલ ક્લસ્ટર પ્રભારી મારફતે સંકલનમાં શહેર પ્રમુખ અને જિલ્લા પ્રમુખની જાહેરાત કરવામાં આવી હતી જેમાં સૌરાષ્ટ્રમાં નવા ચહેરાઓને તક મળી છે મહત્વની વાત તો એ છે કે જામનગર મહાનગરના પ્રમુખ તરીકે પૂર્વ મેયર મીનાબેન કોઠારી પર વધુ ભરોસો મૂકવામાં આવ્યો હતો એટલું જ નહીં આમ સૌરાષ્ટ્રને પ્રથમ વખત સંગઠનમાં મહિલાને સ્થાન આપ્યું છે ત્યારે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવેલા અલ્પેશભાઈ ઢોલરીયા ને પણ રીપીટ કરવામાં આવ્યા છે હાલ તેઓ ગોંડલ માર્કેટિંગ યાર્ડના પ્રમુખ પણ છે અને તેઓએ જિલ્લા સ્તરે પક્ષની સુચારૂ કામગીરી પણ કરી છે.

ભાજપના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દેવભૂમિ દ્વારકામાં મયુરભાઈ ગઢવીને પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે કારણ કે તેઓ મહામંત્રી તરીકે ફરજ બજાવી ચૂક્યા છે તો બીજી તરફ મોરબીમાં સંઘ સાથે સંકળાયેલા જેન્તીભાઈ રાજકોટીયાને પ્રમુખ પદ સોંપવામાં આવ્યું. તો જુનાગઢ જિલ્લામાં ચંદુભાઈ મકવાણા અને જુનાગઢ મહાનગરમાં ગૌરવભાઈ રૂપારેલીયાને જવાબદારી સોંપાય છે. જુનાગઢ જિલ્લામાં ચંદુભાઈ મકવાણા વિશ્વ હિન્દુ પરિષદ અને સંઘ સાથે જોડાયેલા છે.ગીર સોમનાથમાં સંજયભાઈ પરમાર, ભાવનગર જિલ્લામાં દિગ્વીજયસિંહ ગોહિલ, ભાવનગર મહાનગરમાં પુર્વ ડે.મેયર કુમારભાઈ શાહ, બોટાદમાં મયુરભાઈ પટેલ, સુરેન્દ્રનગરમાં યુવા મોરચા સાથે સંકળાયેલા હિતેન્દ્રભાઈ ચૌહાણ લેટરકાંડથી વિવાદમાં રહેલા અમરેલી જિલ્લામાં લેઉવા પટેલ અતુલભાઈ કાનાણી, જામનગર જિલ્લામાં પણ લેઉવા પટેલ વિનોદભાઈ ભંડેરી અને જામનગર મહાનગરમાં જૈન બિનાબેન કોઠારીને શહેરનું પ્રમુખપદ સોંપાયુ છે.

### માધવ દવેની અધ્યક્ષતામાં સંગઠન બનશે મજબૂત : મયંક નાયક

રાજકોટ ભાજપ શહેર પ્રમુખ પદે માધવ દવેની નિમણૂક કરવામાં આવી છે જે બાદ ક્લસ્ટર ઇન્ચાર્જ મયંક નાયક એ જણાવ્યું હતું કે પાર્ટી દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તેનાથી રાજકોટ શહેરનું સંગઠન અત્યંત મજબૂત બનશે સાથોસાથ માધવભાઈ દવે દ્વારા ભૂતકાળમાં જે કામગીરી કરવામાં આવેલી છે તેનાથી પક્ષને ઘણો ફાયદો થયો છે હવે તેના પર જે વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે તેના તેઓ ખૂબ સારી રીતે ઉતીર્ણ થશે તેમાં કોઈ શંકા નથી

### ભાજપ જિલ્લા પ્રમુખોની યાદી

જૂનાગઢઃ ચંદુભાઈ મકવાણા
અમરેલીઃ અતુલ કાનાણી
બનાસકાઠાંઃ કીર્તિસિંહ વાઘેલા
સુરતઃ ભરતભાઈ રાઠોડ
ગાંધીનગરઃ અનિલ પટેલ
મહેસાણાઃ ગિરીશ રાજગોર
ભાવનગરઃ કુમાર શાહ
નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ : ભુરાભાઈ શાહ
નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ : નીલ રાવ
જુનાગઢ શહેર ભાજપ પ્રમુખઃ ગૌરવ રૂપારેલિયા
વડોદરા : જયપ્રકાશભાઈ સોની
મહીસાગર જિલ્લો : દશરથભાઈ બારિયા
વલસાડ જિલ્લો : હેમંત કંસારા
તાપી જિલ્લો : સૂરજ વસાવા
આણંદ જિલ્લો : સંજય પટેલ
અમદાવાદ જિલ્લો : શૈલેષ દાવડા
અરવલ્લી જિલ્લો : ભીખાજી ઠાકોર
પાટણ જિલ્લો : રમેશ સિંધવ
જામનગર : બીનાબેન કોઠારી
જામનગર જિલ્લો : વિનોદ ભંડેરી
ગિર સોમનાથ જિલ્લો : સંજય પરમાર
બોટાદ જિલ્લો : મયુર પટેલ



### જિલ્લાના તમામ કાર્યકરો પ્રમુખઃ અલ્પેશ ઢોલરીયા

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે રિપિટ થયા બાદ અલ્પેશભાઇ ઢોલરીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે મને જે જવાબદારી શિર્ષ નેતૃત્વએ સોંપી છે તેને હું બખૂબી નિભાવીશ અને પ્રમુખ અલ્પેશ ઢોલરીયા તો ઠીક પરંતુ પાર્ટીના તમામ કાર્યકર પ્રમુખ છે આ માત્ર એક વ્યવસ્થાના ભાગરૂપે પ્રક્રિયા કરાઇ છે. અંતમાં તેઓએ જણાવ્યું પાર્ટીએ અને કાર્યકરોએ જે ભરોષો મુકયો છે તેને કોઇ દિવસ ઠેંસ નહી પહોંચે.

# આવાસ ભાડે આપવા પડશે મોંઘા

## આવાસમાં પહેલી વખત ભાડુઆત મળે તો એક મહિનો સીલ અને પાંચ હજારનો દંડ, બીજી વખત બે મહિના સીલ અને દસ હજારનો દંડ, ત્રીજી વખત ભાડે આપતા ઝડપાય તો કાયમી ધોરણે ફાળવણી રદ થશે

રાજકોટ, તા. ૬

પેલા ઘણા દિવસોથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે આવાસ બનાવવામાં આવ્યા છે. તેમાં ઘણા ખરા કિસ્સામાં આવાસ ભાડે આપવામાં આવતા હોય છે અને તે દૂષણ અને દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ જરૂરી પગલાં લેવામાં આવે છે. ત્યારે આદુષણને સંપૂર્ણપણે ડામવામાં આવે તે દિશામાં હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે આજે જે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે તેમાં આ અંગે નવી નીતિ ગણવામાં આવી છે અને તેને મંજૂરી આપવામાં આવશે સાથોસાથ જો આ નીતિ ની અમલવારી શરૂ થાય તો હવે આવા શો ભારે આપવાનું કારસ્તાન જે આચરવામાં આવતું હોય તેના પર પૂર્ણવિરામ મૂકવામાં આવશે.

ઘર વિહોણા ગરીબોને ઘરનું ઘર આપવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના, રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અને મહાનગરપાલિકા દ્વારા પણ પોતાના ખર્ચે શહેરમાં આવાસ યોજનાઓનું નિર્માર્ણ કરવામાં આવતું હોય છે. દરમિયાન આવાસ યોજનામાં આવાસ મેળવ્યા બાદ લાભાર્થી ઓ તેમાં પરિવાર સાથે રહેવા જવાને બદલે અન્યોને ભાડે આપી દઈને કમાણી કરતા હોવાનું અનેક વખત સામે આવતા હવે આ બાબતે નવી નીતિ ઘડવામાં આવી છે.

કમિશનર તુષાર સુમેરાએ ઘડેલી નવી નીતિને આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં મંજુરીને મહોર લગાવવામાં આવશે. આવાસમાં પહેલી વખત ભાડુઆત મળે તો એક મહિનો સીલ અને પાંચ હજારનો દંડ, બીજી વખત ભાડુઆત મળે તો બે મહિના સીલ અને દસ હજારનો દંડ, ત્રીજી વખત ભાડે આપતા ઝડપાય તો કાયમી ધોરણે ફાળવણી રદ કરવામાં આવશે. આવાસ ભાડે આપતા ઝડપાયા હોય તેનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે તેમજ આ માટેનો એક ખાસ સોફટવેર પણ બનાવાશે. એકંદરે કહી શકાય કે હવે રાજકોટમાં આવાસ ભાડે આપનારનું આવી બનશે. આવાસ યોજનાઓમાં સીલ કરેલા આવાસોના સીલ ખોલવાના નિયમો પણ અત્યતં કડક બનાવવામાં આવ્યા છે.

નિયત સમય મર્યાદા પૂર્ણ થયે આવાસ યોજના વિભાગમાં દસ્તાવેજની નકલ, એલોટમેન્ટ લેટર અને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર નોટરાઇઝડ સોગંદનામું રજૂ કર્યા બાદ જ સીલ ખુલશે. આ અરજીની ફાઇલ ઉપર આવાસનું સીલ ખોલવા માટે ડેપ્યુટી કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીની મંજુરી પણ મેળવવાની રહેશે. આવાસ ભાડે આપવાની હરકત કરનાર નિયત દંડની રકમ ભરપાઇ કરે ત્યારબાદ તેની પહોંચ આવાસ . આવાસ યોજનાઓમાં સીલ કરેલા આવાસોના સીલ ખોલવાના નિયમો પણ અત્યતં કડક બનાવવામાં આવ્યા છે. નિયત સમય મર્યાદા પૂર્ણ થયે આવાસ યોજના વિભાગમાં દસ્તાવેજની નકલ, એલોટમેન્ટ લેટર અને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર નોટરાઇઝડ સોગંદનામું રજૂ કર્યા બાદ જ સીલ ખુલશે. આ અરજીની ફાઇલ ઉપર આવાસનું સીલ ખોલવા માટે ડેપ્યુટી કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીની મંજુરી પણ મેળવવાની રહેશે. આવાસ ભાડે આપવાની હરકત કરનાર નિયત દંડની રકમ ભરપાઈ કરે ત્યારબાદ તેની પહોંચ આવાસ યોજના શાખામાં રજૂ કર્યા પછી ફીલ્ડ સ્ટાફ સીલ ખોલવા માટે જશે.

## નાની મોટી વાતે કાળઝાળ થઇ એક બીજા પર તૂટી પડવાની ઘટનાઓ યથાવતઃ વધુ ત્રણ બનાવ

# દંપતિ સહિત ચાર પર પાણાવાળી કરી ત્રણ કિલો 'વાળ'ની લૂંટ!

## માધાપર ચોકડી બ્રીજ નીચે બનાવઃ જુના વાળ લે-વેંચનો ધંધો કરતાં યુવાન, તેના ભાઇ, પત્નિ સાથે બનાવ
## બીજા બનાવમાં સિક્કાથી રૈયા દિકરી પાસે મોબાઇલ લેવા આવેલા આધેડ પર દિકરી, જમાઇ સહિતના તૂટી પડ્યા








## વિરાણી અઘાટમાં કેટરર્સના ત્રણ કર્મચારીઓને બે અજાણ્યા છરીના ઘા ઝીંકી ભાગી ગયા

રાજકોટઃ મારામારીના બનાવો દરરોજ કોઇને કોઇ સ્થળે બનતા રહે છે. રાજકોટ શહેરમાં અલગ અલગ ત્રણ સ્થળે જામી પડી હતી. જેમાં એક ઘટનામાં માધાપર ચોકડીએ પૂલ નીચે રહેતાં અને માથાના વાળ લે-વેંચ કરી ગુજરાન ચલાવતાં યુવાન, તેના ભાઇ, પત્નિ પર તેના જ સમાજના લોકો હુમલો કરી વાળની લૂંટ કરી જતાં ચકચાર જાગી છે. બીજા બનાવમાં રૈયા ગામમાં દિકરી પાસે પોતાનો મોબાઇલ ફોન હોઇ તે લેવા જામનગરના સિક્કાથી આવેલા યુવાન પર દિકરી, જમાઇ, વેવાઇ સહિતના તૂટી પડતાં સારવાર માટે દાખલ થવુ પડ્યું હતું. ત્રીજા બનાવમાં કેટરર્સના ત્રણ કર્મચારીઓ પર અજાણ્યા બાઇકસવાર શખ્સો હુમલો કરીને ભાગી ગયા હતાં. છરીના ઘાથી આ ત્રણેય લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે દાખલ થવુ પડ્યું હતું.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો માધાપર ચોકડી ઓવરબ્રીજ નીચે રહેતાં વિજય બાબુભાઇ પરમાર, તેની પત્નિ શારદા અને ભાઇ સાજન બાબુભાઇ પરમાર તેમજ સુરજ બાબુભાઇ પરમાર પર રાત્રીના અગિયારેક વાગ્યે દેવીપૂજક સમાજના શખ્સોએ આવી ઓચીંતો હુમલો કરી પથ્થરમારો કરી ચારેયને ઇજાઓ પહોંચાડતાં ચારેયને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ ચારેય જુના વાળ ઘરે ઘરે જઇ ઉઘરાવે છે અને તે વેંચાતા લઇ બીજા વેપારીઓને વેંચાણ કરી ગુજરાન ચલાવે છે. વિજયએ જણાવ્યું હતું કે આ રીતે એકઠા કરેલા ત્રણેક કિલો વાળની લૂંટ હુમલાખોરો કરી ગયા હતાં. એક કિલો વાળની કિંમત ૬ હજાર જેવી હોય છે. ગાંધીગ્રામ પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં જામનગરના સિક્કા ગામે પંચવટી રોડ પર રહેતાં અને ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં બેતાલીસ વર્ષના વિજયભાઇ ગોવિંદભાઇ ચૌહાણની ફરિયાદ પરથી રાજકોટ રૈયા ગામ સ્મશાન પાસે રહેતાં તેના વેવાઇ વિલાસગીરી શાંતિગીરી, જમાઇ ઉદેશગીરી વિલાસગીરી, જમાઇના ભાઇ બ્રિજેશગીરી વિલાસગીરી, દિકરી કુમકુમ ઉદેશગીરી વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. વિજયભાઇએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને મેં વીસ વર્ષ પહેલા તુલસીગીરી ગોસાઇની દિકરી દક્ષા સાથે લવમેરેજ કર્યા છે. મારે સંતાનમાં એક પુત્ર છે. પત્નિના અગાઉ લગ્ન જગદીશભારથી બચુભારથી ગોસાઇ સાથે થયા હતાં. તેના થકી તેણીને દિકરી કુમકુમ છે. કુમકુમ અગાઉ રાજકોટ કોલેજમાં અભ્યાસ કરતી હતી. એ દરમિયાન આજથી ત્રણેક મહિના પહેલા તેને ઉદયગીરી વિલાસગીરી ગોસ્વામી સાથે પ્રેમ થઇ જતાં તેની સાથે તેણીએ લવમેરેજ કરી લીધા છે.

આ ઉદયગીરી મારા પત્નિનો ભાણેજ થાય છે. મારી દિકરી કુમકુમ લગ્ન કરીને ગઇ ત્યારથી મારો મોબાઇલ ફોન તેની પાસે હતો. બુધવારે હું ઇકો ગાડીનો ફેરો કરી જામનગરથી અજમરે થઇ પરત રાજકોટ આવ્યો હોઇ મારી દિકરી કુમકુમ તેના સાસરે રૈયા ગામે હોઇ તેની પાસેથી મારો મોબાઇલ ફોન લેવાનો હોઇ મેં તેણીને ફોન કરતાં તેણે ઘરે આવીને લઇ જાવ તેમ કહેતાં હું ત્યાં જતાં તેના પતિ ઉદેશગીરીએ ગાળો દઇ ઝઘડો કર્યો હતો. દિકરીના જેઠ બ્રિજેશ, સસરા વિલાસગીરીએ અને દિકરી કુમકુમે પણ મારી સાથે ઝઘડો કરી ગાળો દીધી હતી અને બ્રિજેશે પથ્થર ઉપડી મારા માથામાં મારી દીધો હતો.

કુમકુમે પણ મને લાફા મારી દીધા હતાં. હું બેભાન જેવો થઇ જતાં ગાડીમાં બેસવા જતાં મને મારો ફોન આપી દીધો હતો. ચક્કર આવતાં હોઇ મેં સગાને જાણ કરતાં તે આવી જતાં મને હોસ્પિટલમાં લઇ ગયા હતાં. તેમ વધુમાં વિજયભાઇએ કહ્યું હતું. સામા પક્ષે તેના વેવાઇ રૈયા ગામે રહેતાં અને ડ્રાઇવીંગ કરતાં વિલાસગીરી સાકેતગીરી ગોસ્વામી પણ પોતાના પર વિજયભાઇ ચૌહાણે પાઇપથી હુમલો કર્યાની ફરિયાદ સાથે દાખલ થયા હતાં.

મારામ ારીના ત્રીજા બનાવમાં વરાણી અઘાટમાં રહેતાં અને કેટરીંગનું કામ કરતાં ત્રણ યુવાનો પર બાઇક પર આવેલા બે અજાણ્યા શખ્સો છરીથી હુમલો કરી તેમજ ઇંટના ઘા કરી ઇજા પહોંચાડી ભાગી જતાં ત્રણેયને સારવાર માટે દાખલ કરાયા હતાં. આ બનાવમાં ભક્તિનગર પોલીસે ઢેબર રોડ વિરાણી અઘાટ રાજકમલ પેટ્રોલ પંપવાળી શેરીમાં નગીન બસ નજીક રહેતાં ભેરૂલાલ રતનલાલ મેઘવાલ નામના કેટરીંગ સંચાલકની ફરિયાદ પરથી જીજે૧૩એક્યુ-૮૫૯૩ ઉપર ભાગેલા બે શખસો સામે ગુનો નોંધ્યો છે. ભેરૂલાલે જણાવ્યું છે કે હું મુળ રાજસ્થાનનો વતની છું અને હાલ અહિ કેટરીંગનું કામ કરી સ્ટાફ સાથે રહુ છું. રાતે સવા બારેક વાગ્યે અમે પહેલા માળે ટીવી જોતા હતાં ત્યારે નીચે દેકારો થતાં અમે ચાર પાંચ કેટરીંગાળા નીચે ઉતર્યા હતાં. મારી સાથે અન્ય કર્મચારી સંજય ગુલાબભાઇ પારંગી અને પ્રકાશ કચરાભાઇ આદીવાસી તેમજ શંકર, જગદીશ, રાજુ, માનસિંગ સહિતના હતાં. બાઇક પર આવેલા બે શખ્સો અમારા સ્ટાફના પ્રકાશ સહિતની સાથે બોલાચાલી કરતાં હોઇ અમે તેને ભગાડી મુક્યા હતાં.

પાંચેક મિનીટ બાદ ફરીથી આ બંને આવ્યા હતાં અને કંઇપણ બોલ્યા વગર છરીથી હુમલો કરી આડેધડ ઘા મારતાં મને પડખામાં અને કપાળે ઇજા થઇ હતી. જ્યારે મારી સાથેના પ્રકાશ અને સંજયને પણ માથામાં ઇજાઓ થતાં અમને ત્રણેયને લોહી નીકળવા માંડ્યા હતાં. દેકારો થતાં આ બંને ભાગી ગયા હતાં. જતાં જતાં ઇંટનો ઘા પણ માર્યો હતો. બાદમાં અમે શેઠ ગૌતમભાઇને જાણ કરતાં અમને હોસ્પિટલે ખસેડાયા હતાં. તેમ વધુમાં ભેરૂલાલે કહેતાં હેડકોન્સ. પી. એન. ગોહિલે ગુનો દાખલ કર્યો હતો.